ગજરા મારૂજીની વારતા

છપાવી પ્રસીધ કરનાર બુક સેલર

જગજીવન દલપતરામ



અમદાવાદમાં

કાગદીઓળ નજીક જુમાં મશીદની સામે

મી. રૂસ્તમજી ડોસાભાઈના મકાનમાં

અમદાવાદ વિક્ટોરીઆ પ્રેસમાં

શા. નાથાભાઈ લલુભાઈએ

છાપી

સંવત ૧૯૩૭—અને ૧૮૮૧

કિંમત રૂ ૦-૬-૦

VISIT…

LANZAROTE Caliente.COM

નતાનાંગ દણ્ડ... ...ા હોય તથા ...૯ સ્ત્રી પરખાઃ રહેલી હોય અને દેશ

નાંણે લોકોમાં બાહાર ન દેખાતી હોય તો તે અમલદારે તેને ખબર આપવી કે

...ો જવાની છુટ છે. અને તે સ્ત્રીને જવાને યોગ્ય વખત આપ્યા પછી તથા જતા રે

...ાગ્ય સુગમતા આપ્યા પછી, પકડવા સારૂ તે ઓરડામાં જવાને તે મુખત્યાર છે.

...૯મી કલમનો સુધારો. ૫૭. ૩૩૯ મી કલમના ચોથા પારેગ્રાફમાં "કરવું" આ શબ્દની પાછળ "કોરટના યોગ્ય અમલદારને" આ ...ો દાખલ કરવા; અને તેજ પારેગ્રાફમાં હેઠળ લખેલા શબ્દો ઉમેરવા (એટલે;—

અને ત્યાર પછીનાં કાંઈ ભરણાં (જો હોય તો) જે અમલદારને સ્વાધીન તુરંગ હશે તે અમલદારને કરવાં."

૩૪૧મી કલમનો સુધારો. ૫૮. ૩૪૧ મી કલમની (અ), (બ), (ક), (ડ) અને (ઈ) રકમને અને વિશેષ ઠરાવને બદલે હેઠળ લખેલો મજકુર દાખલ કરવો (એટલે):—.

"(અ.) તુરંગમાં મોકલવા વિશેનાં વારંટમાં કહેલી રકમ જે અમલદારને સ્વાધીન તુરંગ હોય તે અમલદારને ભરે ત્યારે; અથવા

(બ.) બીજી રીતે હુકમનામુ પુરેપુરૂ અદા થાય ત્યારે; અથવા

૩

૧૭૦૯

ગજરા મારૂજીની વારતા*

શ્રી ગણેશાય નમઃ શ્રી સારદાએ નમઃ શ્રી ગુરૂભ્યો નમઃ અથ વારતા ગજરા મારૂની લખી છે.

દુહો—પ્રથમ સારદાને વરણવુંરે, કાંઇ માગુ એક પસાયઃ મુજ વર દો વરદાયનીરે, કાંઇ શુભ મત આપોને માયરે. કાંઇ૦ ૧ સરસ્વતી સારદાને વીનવુંરે, કાંઇ ગણપત લાગુ પાયરે; કાંઇ૦ શુધ બુધ તમે આપજોરે, માહારી જીભ્યાએ જશ ગાયરે. માહારી૦ ૨ દુંદાળો દુઃખ ભંજનોરે, કાંઇ સદાએ બાળો વેશરે; કાંઇ૦ પ્રથમ સમરૂ હુંતો તેહનેરે, એ તો ગવરી પુત્ર ગણેશરે. એતો૦ ૩ શ્રી ગુરૂને ચરણે નમુરે, કાંઇ ગણપત રહુ કર જોડરે; કાંઇ૦ સઉને કરૂરે હુંતો વીનતીરે, કાંઇ મુજને ન દેશો ખોડરે. કાંઇ૦ ૪

માંડવગઢ શેહેરના જામ રાજાને સાત રાણીઓ હતી, તેમાં છ માનીતી અને એક દામાવંતી રાણી અણમાનીતી હતી. એ સાતે રાણીઓમાં કોઇને પેટ દીકરો નહોતો. એક દાહાડો સવારના પોહોરમાં મોટા મળસકામાં પાસેના ગામમાંથી એક ઢેપડી સુંધીઆં સાવરણી વેચવા સારૂ શેહેરમાં આવતી હતી, તેણે રસ્તામાં વગડેથી રાજાને સંડાસમાં જતા જોયા એટલે વિચાર કરયો કે સાત રાણીઓ છતાં રાજા વાંઝીયા છે માટે તેમનું મોં જોતાં મને અપશુકન થશે અને માહારાં સુંધીઆં સાવરણી ખપશે નહી એવું ધારી તે ઢેપડીએ રાજાના સામી સાવરણી ધરી, અને પૂંઠ ફેરવી ઉભી રહી. આ તમાસો જોઇને જામ રાજા બહુ ગુસ્સે થયો અને પછી ઢેપડીને પાસે બોલાવી પુછે છે

દોહરો—સાચુ બોલ તુંતો દાસણીરે, કાંઇ જુઠાં વચન

ન બોલરે; કાંઈ૦ જીવતાં ચડાવું તને શુળીએરે, કાંઈ ધું દી પડાવું તાહારી છોજરે. કાંઈ૦ ૫

કે ઢેપડી સાચુ બોલજે તેં માહારા સામી માવરણી આ માટે ખરી જેવું હોય તેવુ કહે નહી તો તને શુળીએ ચડાવીશ અને તાહારા શરીરની ચામડી ઉતરાવીશ, તે સાંભળી ઢેપડી ગભરાણી અને બોલી કે માહારાજ સાચુ બોલીશ તો તમને રીસ ચડશે. રાજા કહે સાચુ બોલીશ તો તને છોડી મુકીશ અને ખુશી કરીશ એથી ઢેપડીના મનને ધીરજ આવી અને તે બોલી.

દુહો—મેલામાં મેલા જોને કુમરોરે, કાંઇ તેથી મેલેરો લાબરે; કાંઈ૦ એથી મેલોરે રાજા વાંઝીઓરે, તેતો મુવે ન પામે મોક્ષરે. તેતો૦ ૬

કુમરો એટલે પેટમાં પાપ રાખી પોતાની વાત બીજાને જણાવે નહી તે મેલો કેહેવાય છે અને તેથી ઉતરતે દરજ્જે લાબીઓ માણસ ગણાય છે. પણ તે બંને કરતાં વધારે મેલો વાંઝીઓ કેહેવાય છે. વાંઝીયાને સ્વરગમાં જવાનો અધિકાર નથી, માટે તેના પૂરૂષનું સવારના પોહોરમાં મોં જોવું અને શુકન લેવા તે ઘણુ નખેદ છે. આપને સાત રાણીઓ છતાં એક પુત્ર નથી માટે મેં સાવરણી આડી ધરી હતી. આ વાત મેં સાંચે સાચી કહી છે હવે દીલ ચાહે તો મને રજા આપો અગર તમારી નજરમાં આવે તે કરો. રાજાએ ઢેપડાની વાત સાચી માનીને તેના ઉપરથી રીસ ઉતારી નાંખી અને પોતાની સાથે દરબારમાં લેઈ ગયા ત્યાં કમોદના ચોખાનો ઢગલો પડ્યો હતો તેમાંથી ગાંસડી બંધાવી ઢેપડાને વીદાય કરી. રસ્તે જતાં તે મન સાથે કેહે છે કે હવે સુંથીઆં સાવરણી વેચવાની જરૂર નથી, બે ત્રણ મહીનાની ખરચી જેટલા આ ચોખા મળ્યા છે; એમ ધારી પાછી પોતાને ઘેર ગઈ ત્યાં તેના ધ

ણીએ પૂછ્યું કે તું આ ચોખા ક્યાંથી લાવી? ત્યારે ઢેયડીએ કહ્યું કે તમારે શું કામ છે, ધણીએ કહ્યું કે રાંડ સાચું બોલ નહી તો ઘરમાં પેસવા નહી દેઉં; ત્યારે તે બોલી કે હું તો રાજાને ત્યાંથી લાવી છું. તે સાંભળીને તેનો ધણી કેહેછે કે એ ચોખા આપણે જોઇએ નહી. રાજા વાંઝીયા છે માટે તેમનું મોં જોવાય નહી તો પછી તેમનું અંન કેમ ખવાય. ઢેયડી કેહે કે આખું શેહેર એમનું અંન ખાય છે તો આપણને શી હરકત છે, શું આપણે બધા કરતાં મોહોટાં કે રાજાનું ન ખાઇએ. તે સાંભળી તેનો ધણી બોલ્યો કે જે શાસ્ત્ર નથી સમજતાં તેજ રાજાનું હરામ ખાય છે, પણ સમજુ તો હલાલ કરીને ખાવાના. રાજા મફત કાંઈ આપે પણ સમજુ તો લે નહી. જો તને વિશ્વાસ ન આવતો હોય તો પારખું જો; આપણા ઘરમાં કોદરા છે તે ભરડીને તેમાંથી કોદરી કાહાડ અને તેના ભેગાં રાજાના ચોખા ભેળી ચકલાંને નાંખ, જો તે ચકલાં ચોખા ખાઈ જશે તો આપણે પણ ખાઇશું. ઢેયડીએ કોદરી અને ચોખા ભેગા કરીને ચકલાંને નાંખ્યા પણ ચકલાંએ કોદરી વણી ખાધી અને ચોખા રેહેવા દીધા. આવો પ્રતક્ષ દાખલો જોઇને ઢેયડી ચોખાનો પોટલો માથે ચડાવી રાજાના દરબારમાં પાછી આવી ને રાજાને કહ્યું કે જનાવર સરખાં તમારૂં અંન ખાતાં નથી તો અમે કેમ ખાઇએ એમ કહીને ચોખા પાછા નાંખી પોતાને ઘેર ગઇ. હવે રાજાને ઢેયડીની વાત સાંભળતાં રાજ પાટનું સુખ કશા કામનું નથી એમ ધારી પોતાની છ માનીતી રાણીઓને બોલાવી અને કહ્યું કે સાત રાણીઓ છતાં વાંઝીયા મેહેણું રહ્યું અને તે મેણાને લીધે કોઇ માહારૂં મોં જોતું નથી અને શુકન લેતું નથી માટે હવે હું નગરમાં રેહેનાર નથી માહારે રાજપાટ ભોગવવું નથી. કોઈ અધો

ર વનમાં જઇ ત્યાં કોઇ દેવની આસના ત્રાસના કરીશ અ ને જો તે દેવ માહારૂ વાંઝીયા મેહેણુ ભાગશે તોજ હું પાછો નગરમાં આવીશ નહી તો જંગલમાંજ ભટકીને આ વરદાનો છેડો લાવીશ એમ કહી પુષ્પશંગ વજીરને રાજપાટ સોંપી પોતે શામ ઘોડા ઉપર અસ્વાર થઈ ચાલી નિકળ્યા.

દુહો—રાણીઓ રૂવે રંગ મેહેલમાંરે, કાંઇ દાસીઓ રૂવે દરબારરે; કાંઇ० રઈયત રૂવે સારા શેહેરનીરે, કાંઈ વરતાયો હાહાકારરે. કાંઇ० હાટે રૂવે હાટ વાણીઆરે, તેતો પાડી બેઠા હડતાળરે; તેતો० પ્રાણી માત્ર રેહે ઉદાશમાંરે, કાંઈ વ્રક્ષે નમાવી છે ડાળરે. કાંઇ० કાળે ઘોડે ને કાળે લુગડેરે, કાંઈ રાજા ચાલ્યા વનવાસરે; કાંઈ० વાંઝીયા મેહેણું ભાગવારે, છોડી ચાલ્યા નગરની આશરે. છોડી०

હવે રાજા પોતે નગરમાંથી બાહાર નિકળ્યા કે તમામ રંગ મેહેલમાં રાણીઓ રૂદન કરવા લાગી અને દાસીઓ, તથા ચાકર નફર અને નગરમાં વસનારા લોકોએ ઘણું કલ્પાંત કરવા માંડયું. નગરના લોકોને ઉદાશ જોઈ પશુ પક્ષીને પણ દીલગીરી આવી, નાહાનાં મોહોટાં કુમળાં ઝાડ હતાં તે પણ કરમાઈ ગયાં. આવી રીતની રઇયતની દીલગીરી અને પશુ પક્ષીનો શોકાતુર દેખાવ છતાં રાજા પોતે વાંઝીયા મેહેણું ભાગવાની આશાએ રાજપાટ મુકીને કુટંબ કબીલો મૂકીને જંગલમાં એકલા ચાલ્યા ગયા. આગળ જતાં એક મોહોટુ બપબયા વન આવ્યું ત્યાં ઝાડની ઘણી ઘટા જોઇ પોતે વીસામો લેવા સારૂ ઝાડ તળે ઉતરી પડયા ત્યાં પવનથી ખરી પડીને પાંદડાના ઢગના જમીન ઉપર પડ્યા છે તે ખસેડીને હાથ વતે રાજા જમીન સાફ કરેછે, એટલે પાંદડાંમાં ઢંકાએલી જળાધારી સહીત માહાદેવની મુરતી રાજાની નજરે પડી તે જોઇ રાજા બહુ હરખાયો કે હુ કોઇ દેવને ખોળવા નિકળ્યો હતો તે મારા

રા ઉપર કૃપા કરીને મને સામા આવી મળ્યા માટે હું આ જગાએ રહીને માહાદેવ આગળ તપ આદરીને પૂજા કરૂં, એમ ધારી ત્યાં રહયો. પૂજા કરતાં બાર વરસ વીતી જવા આવ્યાં તો પણ માહાદેવ કાંઇ પ્રસન થયા નહી એવામાં એક દાહાડો બે શીકારીઓ શીકાર કરવા નિકળ્યા હતા, તે શીકારીઓ ઝોળીઓ ખભે ભરાવી ચાલ્યા આવેછે; તેઓએ વેગળેથી રાજાને અને ઘોડાને દીઠા એટલે વિચાર કરેછે કે આપણે પેલા આદમીને મારી નાંખી તેની પાસેથી ઘોડો લઈ જઇએ. એટલામાં તેઓને દેખીને રાજા વિચાર કરેછે કે આ કોઇ લુટારા છે તેઓ આ ઘોડાની લાલચે મને મારી નાંખશે. આપણે રાજપાટ મુકીને મરવા સારૂ તો અહીં આવ્યા છીએ ત્યારે હાથે મરવું તે કરતાં પરાયા હાથે મોત થશે તો આતમ હત્યા કરયા બાબત નરકમાં જવું નહી પડે અને હું સારી ગતીએ જઇશ એમ હીંમત રાખીને રાજા બેઠા છે: એટલામાં પેલા શીકારી આવી પોહોચ્યા અને કરડી આંખ કરીને ઉભા રેહયા એટલે રાજાએ કહ્યુ કે જે તમારા મનમાં હોય તે તાકીદથી કરી નાંખો એટલે હું આ દુઃખમાંથી છુટીને તરત પરમેશ્વરની પાસે સુખમા જઈ બેસુ. આ વાત સાંભળીને શીકારી વિચારમાં પડ્યા કે આ કોઈ મોહોટા માણસ છે કારણ કે આપણે એક ગાઉ ઉપર જે વિચાર કરયો હતો તે તેના જાણવામાં આવ્યો માટે માનો ન માનો પણ આ કોઇક દેવતા છે એમ ધારી મારવાની વાત ભુલી જઇને હાથ જોડી રાજાને પૂછેછે કે માહારાજ તમે કોણ છો અને અહીં જંગલમાં શા કારણે બેઠા છો રાજા કહે ભાઈ હું રાજા છું પણ માહારે પેટ કાંઇ છોકરૂ નથી માટે વાંઝીયા મેહેણુ ભાગવા સારૂ આ માહાદેવની શેવના કરૂંછુ. તે સાંભળી શીકારીઓ વિચાર કરેછે કે આપણે પેટ

પણ છોકરૂ નથી અને વાંઝીયા છીએ માટે આપની જોડે બેસીને માહાદેવની શેવના કરીશું તો પુત્ર થશે એમ ધારી બાડે ઝોળીઓ ભેરાવી માહાદેવની શેવા કરવા બેઠા. ત્યાં બે ને ત્રણ દીવસ થયા કે પેલા શીકારીઓને ભુખ લાગી અને તેમનાથી ભુખે રેહેવાયું નહી એટલે વિચાર કરયો કે આપણાથી હવે ભુખે રેહેવાશે નહી અને આપણી પાસે શીકાર લાવેલા તઈયાર છે તે ખાઈએ એમ ધારી ઝોળીમાંનો શીકાર બાહાર કાહાડીને માહાદેવની જળાધારી ઉપર મુકી કાપવા માંડયો એટલે તમામ જળાધારી અને શીવ લીંગ રૂધીરથી ભરાયું. આવું અઘોર કરમ જોઇ માહાદેવ અકુળાયા કે આ પાપી કેમ કરયા જશે નહી અને મને ભ્રષ્ટ કરી નાંખશે. એમ ધારી પોતે જોગીનો વેશ લેઇ શીકારીઓના સામા આવી ઉભા રહયા અને શીકારીઓને કહ્યુ કે અરે મુરખ તમે આ શુ કામ કરોછો અને. અહિંઆં કેમ આવ્યા છો? શીકારીઓએ કહ્યુ કે અમારે પેટ કાંઈ છોકરૂ નથી માટે માહાદેવના પાસે પુત્ર લેવા આવ્યા છીએ તે આપશે એટલે જઈશુ લીધા શિવાય જનાર નથી. માહાદેવે વિચારયુ કે આ પાપીઓને હવે પુત્ર આપુ એટલે અહિંઆંથી જાય. એમ ધારી માહાદેવ શીકારીઓને કહ્યુ કે ઘેર જાઓ તમને પુત્ર થશે. શીકારીઓ કહે કે વચન આપો તો જઈએ પછી માહાદેવ વચન આપી અંતરધ્યાન થયા અને શીકારીઓ હરખાતા હરખાતા પોતાને રસ્તે પડયા. આ તમાસો જોઇ રાજા વિચાર કરેછે કે આ પણ કરમની વાત છે. હું બાર બાર વરસના અપવાસ કરીને શેવના કરૂછું પણ માહાદેવ મને કોઈ દીવસ સ્વપનાગાંએ દેખાતા નથી અને આ બે પાપી ચંડાળ એક બે દીવસ આવીને બેઠા અને માહાદેવની જળાધારીમાં અપવીત્રતા કરી તેમને માહાદેવે પુત્ર આપ્યા મા

ટ હું પણ તેમની માફક કરૂં; એમ વિચારી પોતાના ઘો-
ડાનું દોરડું છોડીને ઉંચુ ઝાડ સાથે બાંધ્યું અને પોતાના
બે પગ બાંધીને પોતે નીચે માથે ઝુલતા લટકીને એક
હાથે માહાદેવની મુરતી ઉપર કટાર પકડીને હીંચકા ખાવા
લાગ્યા એટલે કટારના અણી સાથે અથડાઈ માથુ ઘુંઘવા
લાગ્યું અને માહાદેવની જળાધારી લોહીથી ભરાવા લાગી
આવી કમકમાટ ભરેલી રીતે રાજા કમળ પૂજા કરેછે તે જો
ઇ શીવને ઘણોજ ત્રાસ આવ્યો અને એકદમ રાજાના સા
મા આવીને ઉભા રહ્યા અને રાજાને કહ્યુ કે તુ આટલુ
બધુ શુ કરવાને કરેછે. રાજા કહે કે માહારાજ હુ બાર બા
ર વરસથી પૂત્રની આશાએ રાજપાટ મુકી ભૂખ તરસ વે-
ઠીને તમારી શેવના કરૂછું તો પણ તમે પ્રસન થયા નહી,
અને પેલા શીકારી પાપી કરમના કરનાર તેમને તમે એક
બે દીવસમાં પૂત્ર આપ્યો માટે માહારે તો હવે તમારે મા
ટે મરવું છે. માહાદેવ કેહેછે કે જેણે જેવું કરયુ હશે તેને
તેવું ફળ મળશે મેં એમને પૂત્ર આપીયા પણ તે પુત્ર છા
ણમાં કીડા પેદા થઇ ત્રીજે દીવસે મરી જાયછે તેમ ઉછે
રીને મરી જશે અને તને જે પુત્ર આપવાનો તે કાંઇ ના
મના કરવા લાયક થશે માટે હવે તુ તાહારા પગ છોડી
નાંખ હું તાહારા ઉપર ઘણો તુશ્ટમાન થઇ ગયો છું પછી
રાજાએ હાથ પગ છોડી નાંખી બે હાથ જોડી પોતે મા-
હાદેવની સામે ઉભા રહ્યા છે. માહાદેવે પૂછયુ કે તમારે
કેટલી રાણીઓ છે, રાજાએ કહ્યુ કે સાત રાણીઓ છે તે
માં છ માનીતી અને એક અણમાનીતી છે; પછી માહા-
દેવે કહ્યુ કે ઉંચુ જો ઝાડ શેનું છે. રાજાએ ઉંચુ જોયું
એટલે આંબાનું ઝાડ દીઠું પછી માહાદેવે કહ્યુ કે તેના ઉ
પર ફળ છે કે નહી. રાજાએ બીજી વાર સામુ જોયું તો
ઉપર કેરીઓ ઝૂલી રહેલી છે અને તે કારમી દેખાય છે,

ત જોઈ રાજાએ કહ્યુ કે માહારાજ બીન રતે કેરીઓ લટ કી રહી છે માહાદેવે કહ્યુ કે આ માહારો ધોકો લઈને જા અને આંબા ઉપર માર પછી જે કેરીઓ નીચે પડે તે તાહારી રાણીઓને ખવરાવજે એટલે પુત્ર થશે જો વધા રે લોભ કરીશ તો બાર વરસની મેહેનત નકામી જશે માટે બીજી વાર મારીશ નહી. એટલું કહી શીવ અલોપ થઈ ગયા, પછી રાજાએ આંબા ઉપર ધોકો મારયો કે સાત કેરીઓ નિચે પડી તે લઈ ઝોળીમાં નાંખી માહાદેવ ની પાસે હાથ જોડીને કહ્યુ કે—

દુહો—જગધર માહાદેવ તમને વીનવુંરે, હુ તો બળી બ ળી લાગુ પાયરે. હુતો૦ વાંઝીયા મેહેણું માહરૂ ભાગીયુંરે માહારી સદાએ કરજો સાહાયરે. મા૦ વિધવા નગરી મા હારીસધવા થયરે, કાંઈ ભાગ્ય તણો નહી પારરે. કાં૦ મેહે ર કરીરે માહાદેવજીરે મને આપ્યો નવો અવતારરે. મ૦

હે માહારાજ તમે માહારૂ વાંઝીયા મેહેણું ભાગ્યું તેથી માહારા ભાગ્યની કાંઈ સીમા રહી નથી અને માહારી નગ રી કે જે માહારા વગર સુની પડી હતી તે હવે મને જોઈ ઘણી ખુશી થશે અને બહુ સુખ પામશે, કેમકે મને તમે આજ નવો અવતાર આપ્યો હુ નગરમાથી નાસરયો ત્યારે તો મરી ગયા બરાબર હતો. એવી રીતે રાજાએ માહાદેવને અરજ કરી અને પ્રદક્ષણા કરીને ઘોડા ઉપર સ્વાર થઈ ને નગર ભણી ચાલ્યા ગયા. નગર નજીક આવ્યું એટલે લોકોએ રાજાને દીઠા અને રાજા આવ્યાની વાત ચાલી તેથી તમામ રઈયત બહુ ખુશી થઈ; ફુલશંગ વજીરે પો તાનું બધુ લસ્કર શણગારયું અને સોના રૂપાનાં ફુલ ૫- ડાવી મોહોટી ધામ ધુમથી વાજતે ગાજતે રાજાની સામે આવ્યા, રાજાને પ્રધાને તથા રાણીઓએ તથા રઈયતે સો ના રૂપાના ફુલથી વધાવ્યા અને રાજા પોતે રાણીઓના

મહેલમાં ગયા અને પોતાની છ માનીતી રાણીઓને બો-
લાવી પેલી સાતે કેરીઓ આપી દીધી. રાણીઓએ તે
કેરીઓ ખાધી અને ગોટલા છોતરાં મહેલની બાહાર ફેં-
કી દીધાં. પેલી અણમાનીતી રાણી દામાવંતીએ પોતાની
દાસીને કહ્યું કે તું માનીતી રાણીઓના મેહેલ આગળ જા
અને જો કે રાજા કાંઈ નવી ચીજ લાવ્યા છે? બારે વર
શે રાજા ઘેર આવ્યા છે માટે કાંઈક લાવ્યા હશેજ અને
તે ચીજમાંથી નકામું બાકીનું ફેંકી દીધું હશે તે લઈ આવ
. તે સાંભળી દાસી માનીતી રાણીઓના મેહેલ આગળ
આવીને જુવેછે તો કેરીઓનાં ગોટલા છોતરાં પડેલાં દી-
ઠાં તે જોઈને દાસીને અચંબો લાગ્યો કે આ રતમાં તો
આંબાનાં પાંદડાં સરખાંએ ખરી પડેછે તો કેરીઓ ક્યાં-
થી માટે આ કેરીઓજ નવીન ચીજ જણાય છે; એમ ધા
રી કેરીઓનાં ગોટલા છોતરાં વીણી લઈને પોતાની બા-
ઈ દામાવંતીને આપ્યાં ને કહ્યું કે બાઈ રાજા તો નવીન
ચીજ કેરીઓ લાવ્યા છે તેનાં ગોટલા છોતરાં પડેલાં હતાં
તે હું લાવી છું. દામાવંતી કહે કે ગોટલા છોતરાં પણ
આપણે કામનાં છે. એમ કહી ખાંડણીએ કુટીને તેની રાબ
કરીને પીવાનો વિચાર કરેછે એટલામાં તેને વેહેમ આવ્યો
કે આ દેવતાઈ ફળ છે તેથી તેમાં કંઈક દઈવત હોય
અને મને કદી ગરભ રહે તો પછી રાજા આળ મુકે ગ
ને તે ખરૂ મનાય કારણ કે માહારે મોહોલે રાજા આવ-
તા નથી માટે હું કુલશંગ વજીરને બોલાવી તેની રૂબરૂ
પીઉ તો કોઈક દીવસ રાજાને મોહોડે માહારી સાખ પુરે
એમ ધારીને કુલશંગ વજીરને તેડવા મોકલ્યું. દાસીએ કુ
લશંગ વજીરને કહ્યું કે માહારાજ માહારી બાઈ તમને તે
ડેછે, માટે હાલ ચાલો. કુલશંગ વજીર દામાવંતીના મો-
હોલે આવ્યા. તેમને આસન આપ્યું. વજીર કહે રાણીજી

તમે મને કેમ તેડયો છે ને એવું શું તાકીદનું કામ પડયું છે તે મને કહો. રાણી કહે કાંઈ મોહોટુ કામ નથી સહેજ વાત છે તે તમને કહુછું. રાજા પૂત્રની આશાએ બાહાર ગયા હતા ત્યાંથી બારે વરશે આવ્યા ત્યારે કેરીઓ લાવ્યા હતા તેનાં ગોટલા છોતરાં માહારે હાથ આવ્યાં છે તેની રાબ કરી પીવાનો મેં વિચાર કરયો છે; પણ કદાચ કોઈ મોહોટા પૂરૂષે તે કેરીઓ પૂત્ર થવા સારૂ આપી હોય ને કદી મને બરબ રહે તો રાજા માહારે માથે કલંક મુકે શાથી જે હું રાજાની અણમાનીતી છું તે વાસ્તે તમને, વચમાં રાખવા તેડાવ્યા છે. વજીરે કહ્યુ કે બાઈ એમાં તે શુ છે તમે સુખેથી રાબ પીઓ ને પુત્ર થશે તો તમારી વતીનો હુ રાજાને જવાબ દેઈશ. એવી રીતે વજીરે ધીરજ આપી એટલે દામાવંતી રાણીએ વજીરના દેખતાં ચંદ્ર સુરજની સ્તુતી કરવા માંડી.

દુહો—ચંદ્રમા સુરજ તમને વીનવુંરે, માહારી સાચેરી પૂરજો સાખરે; મારી૦ રાજા મોહોલે નથી આવતારે, મને કુડાં ચડાવે આળરે. મને૦ પીતા વીના તુને પૂત્ર થયોરે, એવી આપશે મુજને આળરે. એવી૦ જગદાર માહાદેવ તમને વીનવુંરે, માહારી ભલેરી રાખજો લાજરે; મારી૦ પુત્ર પ્રમાદાનો આપશો તો, માહારાં સરશે સઘળાં કાજરે માહારાં૦ કુલશંગ વજીર તમને વીનવુંરે૦ માહારી સાચેરી પૂરજો સાખરે; માહારી૦ રાજા મોહોલે નથી આવતારે, મને કુડી ચડાવશે આળરે. મને૦ પીતા વીના તુને પુત્ર થયોરે, એવી આપશે મુજને આળરે. એવી૦

હે કુલશંગ વજીર તમારી અને ચંદ્ર સુરજ સાખે હું આ કામ કરૂંછુ. જો માહારા ભાગ્યમાં હોય ને માહાદેવજી મને પૂત્ર આપે તો માહારી લજ્યા તમારા અને તેના હાથમાં છે. એટલુ કહી રાણીએ કુલશંગ વજીરને વી

દાખ કીધા એટલે તે પોતાને ઘેર ગયા. હવે રાણીએ વિચા રે કર્યો કે રાખ પીધાથી કદાચ મને પૂત્ર થશે તો તેને ચડવા લાયક ઘોડો જોઈશે માટે મારી ઘોડીને અડધી રાખ પાઉં તો વછેરો તેના જેવોજ થાય; એવું ધારી અડધી પોતે પીધી અને અડધી ઘોડીને પાઈ, તે દીવસથી રાણીને અને ઘોડીને સાથે ગરભ રહયો. અને માનીતી રાણીઓને પણ કેરીઓ ખાધેથી ગરભ રહયા, અને જ્યાં નવ મહીના પૂરા થયા એટલે સાતે રાણીઓને પૂત્ર અવતરયા અને અઢાર મહીને ઘોડીને પણ માટા જોરાવર વછેરો થયો. માનીતી રાણીઓને રાજાએ કેરીઓ આપી અને રાણી દામાવંતીને અણમાનીતી જાણીને આપી નહી એટલો વેરા વંચો કરવાથી માહાદેવ કોપાયમાન થયા તેથી છ રાણીઓના પૂત્ર કદરુપા અને લુલા લંગડા અવતરયા અને હેત કરીને ગોટલા છોતરાંની રાખ પીનારી પેલી અણમાનીતી દામાવંતી રાણીને માંહા કાંતીવાન અને તેજસ્વી પૂત્ર પેદા થયો. પેલી છ માનીતી રાણીઓને પૂત્ર આવ્યાની વધામણી રાજા પાસે ગઈ તેથી રાજા ઘણું હરખ્યા. પણ અણમાનીતીને પુત્ર થયો તેની કોઈને ખબરજ નથી. સવારના પોહોરમાં રાણી દામાવંતી પોતાની દાસીને બોલાવીને કેહે છે.

દુહો—દાસીરે માહારી જોને બેનડીરે, તુતો ઝટપટ તઈયાર થાયરે; તુતો૦ જનમોત્રી કરાવીને પૂછીએરે, કાંઈ જોશીને તેડવા જાયરે. કાંઈ૦

અરે દાસી તું ઝટપટ તઈયાર થઈને જા જોશી બાવાને બોલાવી લાવ કે આપણે ભાઈની જનમોતરી કરાવીએ. દાસી જોશીને બોલાવી પોતાની બાઈ પાસે આવી. રાણીએ કહ્યુ કે માંહારાજ કુંવર આજ રાતે અવતરયા છે માંટે કીયા નખેતરમાં જન્મ છે અને તેનું નામ શું પાડવું

ते मने कहो. जोशी बावाए जन्म अक्षर तईयार करी अ
ऊ उपरथी नाम काहाडीने कह्यु के—

दुहो—सारे नखेतरे कुंवर आवीयारे, एतो राजे पीतानो ठामरे; एतो० धरणी धरजो एना तेजथीरे, एनुं मतीओ मारू आवे नामरे. एनुं० जोर मले सऊने जीतशेरे, एतो भरशे मोहोटी मोटी हामरे; एतो० जगशर माहादेव एना सहायगारे, एनुं गजरा मारू पाडो नामरे. एनुं०

भाइ तो एवा शुभ अने तपकारी नखेतरमां जनम्या छे के ते तो माहा पराक्रमी जोरावर अने टांतीला न थशे, पोतानी बुद्धियी काम करशे, आमनी साथे बाथ भीडवानी हांमत मालशे अने एना तेजथी आखी दुनीआं अंजाइ जइ एने वश थशे. पोतानी गादी पोतभोगवशे, पण बार वरसनी ऊंमरमां कुंवरने वनवास जवुं पडशे. वनमांथी आव्या पछी कुंवर गादीए बेसशे अने सउ सारां वानां थशे केमके तेने माथे माहादेवनो हाथ छे अने तेनुं रक्षण करनार पण माहादेव छे माटे कुंवर बहु बळवान अने बुद्धिशाळी थशे अने शास्त्र प्रमाणे नाम बे आवेछे. एक मतीओ मारु अने बीजु गजरामारु ए बेमांथी बा तमने जे गमे ते नाम राखजो पण माहारी नजरमा तो गजरो मारु नाम घणुं सारु छे एवु कहयाथी राणी घणुं खुशी थयां अने दासीने कह्यु के

दुहो—झटपट ऊठो माहारी दासीओ, तमे पेहेरोन दक्षणी चीररे; तमे० थाल भरी भरी मोतीडे, तमे वधावो बालन वीररे. तमे०

जोशी माहाराजने मोतीए वधावी ल्यो अने झवेरनो एक थाळ भरीने आपो ते शिवाय सेलां पाघडी अने हीरा जडीत सोनानां कडां पेहेरावो. दासीए ते प्रमाणे सर

રવે આવ્યું એટલે જોશી માહારાજ રાજી થઈ પોતાને ઘેર ગયા. રાણી દામાવંતીના હરખની પણ કાંઇ સીમા રહી નહી. તેણે બ્રાહ્મણ, ભાટ, ભવઈયા અને બીજા માગણ લોકોને ધન આપી ખુશી કરયા. હવે કુંવર દીવસે ન વધે તેમ રાતે વધે. એ રીતે સાત વરસની ઉમરના થયા એટ લે ભણવા સારૂ મુકયા. ભણી ગણીને માહા વિદ્વાન થ યા અને જેમ જેમ મોહોટી ઉમરે થતા ગયા તેમ તેમ કુંવરપણાની ચતુરાઇ અને અંગની ખુબી બાહાર નીકળવા માંડી. એક દીવસ રાજાએ પોતાની માનીતી રાણી-ઓના કુંવરને દરબારમાં બોલાવ્યા અને તેમની ગાદીઓ પોતાની પાસે નંખાવી તે ઉપર બેસાડયા. કુંવરોને જોઈ ને તમામ સભા લાજવા લાગી અને માહોમાંહે સઉ રા-જાથી છાના હસવા લાગ્યા, એટલે બુલશંગ વજીર વિચાર કરેછે કે આ વખત જો દામાવંતીના કુંવર ગજરો મારૂ હોય તો બધી સભા ઝાંખી પડી જાય પણ રાજાના ક-હ્યા વગર તેડી કેમ લવાય રાજા ગુસ્સે થાય તે શિવાય બીજી તો કાંઇ હરકત નથી. અર રાજા ગુસ્સે થશે તો થા પણ આ વખત તો કુંવરને તેડી લાવું. એમ ધારી વજી ર દામાવંતી રાણીને મોહોલે આવ્યા અને રાણીને કહ્યુ કે બાઈ તમારી પાસે એક ચીજ માગવા આવ્યો છુ રા-ણી કહે ભાઇ અણમાનીતી પાસે એવા તે શી ચીજ મા ગવાની છે કે તમે અકાએક માહારે ત્યાં પધારયા. માહારા મોહોટ કરતાં તો તમારા રાજાને ત્યાં જે જોઇએ તે હશે માટે માહારા પાસે જે માગશો તે આપી શકાય તેવી હશે તો હું હાજર કરીશ. માટે કહો તમારે શી ચીજનો ખપ પડયો છે. વજીર કહે બાઈ ચીજ તો કાંઇ નથી પણ ત-મારો કુંવર રાજા પાસે માહારી સાથે મોકલો એટલી મા હારી અરજ છે. રાણી કહે કે માનીતી રાણીઓના છ કું

વર છતાં માહારા કુંવર વગર રાજાને શું કામ અટકી રહ્યું છે? પ્રધાને કહ્યુ કે રાજાને તો કામ નથી પણ સેહેજ હું તેડવા આવ્યો છુ કેમકે ત્યાં રાજાના સરવે કુંવર આવી ને બેઠા છે તેમને જોઇને તમામ રઇયત બાઈ ચરેછે માટે હું તેડવા આવ્યો છુ. દામાવંતી કહે ભાઇ રાજાને અને માહારે અંટસ છે તે તમે જાણોછો માટે માહારા કુંવરને કાંઇ કરે ત્યારે માહારો શો ઉપાય. વજીરે કહ્યું કે જ્યાં સુધી માહારા જીવમાં જીવ છે ત્યાં સુધી ગજરા મારૂનો વાંકો વાળ થવા દેનાર નથી રાણી કહે ત્યારે તમારી સાથે મોકલુંછુ પણ જો માહારા કુંવરને કાંઇ થશે તો હું આપ ઘાત કરીને મરીશ તેથી તમને હત્યા લાગશે, માટે કુંવરને સંભાળવાની હિંમત હોય તો લઇ જજો. વજીરે કહ્યુંકે તમારે કુંવરની કશી ફીકર કરવી નહી, કુંવર માહારા માથા સાટે છે. પછી દામાવંતીએ કુંવરને કહ્યું કે ભાઈ આ પણા વજીર તેડવા આવ્યા છે તેમની સાથે દરબારમાં જવા માટે સારા શણગાર પેહેરો અને ત્યાં જઇ એવી હુંશિયારી બતાવો કે જેથી મારી કુખને એબ ન લાગે. તે સાંભળી ગજરા મારૂએ પોતાના શણગાર સજવા માંડ્યાં.

દુહો—કસબી મંડીલ માથે બાંધીયુંરે, કાંઈ શીરપેચનો ચળકાટરે; કાંઈ૦ કલગી તોરારે માંહી સોભતારે, જેમાં મોતી મણીનો ચળકાટરે. ૧ જેમાં૦ જરકશી જામો પેહેરીઓરે, માંહી ઝીણેરા ઝળકે તારરે; માંહી૦ હીરા જડીત કંઠે હારડોરે, તેની શોભાનો નહી પારરે. તેની૦ સેલ કસી કમર બાંધી છેરે, કાંઇ રેશમીઓ સુરવાળરે; કાંઇ૦ કનક કમરપટો કેડમાંરે, તેમાં ઝોલાં ખાય તરવારરે. તેમાં૦ કેડમાં કટારી છે વાંકડીરે, કાંઈ દીસેછે નાનેરા બાળરે; કાં૦ હાથમાં ઝાઝીરે ભમર ભાલડીરે, કાંઈ બાંધી ઢળકતી ઢાલરે કાંઇ૦ ચાર પાસાઓં નાંખી શીરમાંરે, કાંઇ ઓળી મૂકયા

છુટા કેશરે. કાંઇ૦ લાંબાં ટુંકારે માહ્રુ ડગ ભરેરે, કાંઇ થો ભેડે બાજે વેશરે; કાંઇ૦ કામ કુંવર બન્યા માહ્રુજીરે, જા ણે તેજ તણા અંબારરે. જાણે૦ ફુલશંગ વજીરની ઝાલી આંગળીરે, કાંઇ માહ્રુજી ચાલ્યા દરબારરે. કાંઇ૦

ગજરા માહ્રુએ બહુ સુબાં વસ્ત્ર અને હીરા મોતીનાં ઘ રેણાં પેહેરી કમરમાં કટાર અને તરવાર લટકાવી દીધાં છે તેના શરીરની અંદર ખુશબો મહમહી રહી છે એવી રી તના ઠાઠ માઠથી માતાને પગે લાગી વજીરની સાથે દરબા રમાં જાયછે, મારગમાં વજીરને પૂછ્યુ કે દરબારમાં પેસવા નો રસ્તો એકજ છે કે બીજો ક્યાંઇ આડો અવળો છે; કારણ કે હું રાજાને નમવાનો નથી અને જો સામો આ- વું તો માહારે નમવું પડે. આ વાત સાંભળીને વજીર ગભ રાયો કે આ માહારી સાથે આવું બોલે છે તો પછી રાજાને શું કેહેશે પણ ખેર જે થયું તે ખરૂં એવું ધારી રાજાની બેઠકની પુઠે બારી હતી તે ઉઘાડીને વજીર અંદર ગયા, પછી માહ્રુ વિચાર કરે છે કે જો પેહેલુ માથુ ઘાલીશુ તો નમા કેહેવાઇશુ માટે પેહેલા પગ ઘાલીને અંદર જવુ. એ રીતે ગજરોમાહ્રુ દરબારમાં આવી રાજાની જોડે ઉભો ર હયો ફુલસંગ વજીર પણ રાજાની પાસે બેઠા, કુવરને જો તાંજ સભા ઝાખી થઇ ગઇ. અંધારી રાતે તારા મંડળ માં ચંદ્ર પ્રકાશી રહે તે પ્રમાણે કુંવરનું તેજ જોતાંજ પ્રધા નને પૂછે છે કે આ કુંવર કોનો છે; ત્યારે પ્રધાને ક- હયું કે માહારાજ આ છ કુવર જેના છે તેનો એ પણ છે, રાજા કહે માહારે છ રાણીઓના છ કુંવર છે, અ ને વળી આ કુંવર કોનો, પ્રધાન કહે આપની અણમા- નીતી રાણીનો એ છે. રાજા કહે હું તેના મેહેલે જતો ન થી તો કુંવર કેમ પેદા થયો. પ્રધાને કહ્યુ કે માહાદેવની આપેલી સાત કેરીઓ તમે છ માનીતી રાણીઓને આપે-

લી તે રાણીઓએ કેરીઓનાં ગોટલા છોતરાં ફેંકી દીધે-
લાં તે અણમાનીતીને હાથ આવ્યાં તેની રાબ કરીને મા
હારા દેખતાં પીધી તેથી આ કુંવર પેદા થયો છે. રાજા
કહે માહારો કુંવર હોય તો માહારી આગળ આવી મને સ
લામ કરે. ગજરો મારૂ કહે હું સાત જણ સિવાય બીજા
કોઇને સલામ કરતો નથી રાજા કહે કે માહારાથી ચઢીઆ
તા બીજા સાત કીયા છે, ગજરો મારૂ કહે કેઃ—

દુહો—પેહેલી સલામ માહારી માતનેરે, જેણે નવ મા
સ રાખ્યો પેટરે; જેણે૦ દેહી કશીને ઉછેરીયોરે. માહારી
ધણીએક કીધી વેઠરે. મા૦ ૧ બીજી સલામ જગશર મા
હાદેવનેરે, જેણે પેટમાં ગરભજ દીધરે; જેણે૦ જઠરા અ-
ગ્નિથી મુને ત્નળ્યારે, માહારી રક્ષા ધણીએક કીધરે. મા૦
ત્રીજી સલામ માહારા પ્રભુનેરે, જેણે આહાર આપ્યો અ
વતારરે; જેણે૦ જીવતાં લગી જશ આપશેરે, એતો૦ મુવે
ઉતારે ભવ પારરે. એતો૦ ચોથીરે સલામ માહારા રેવંત
નેરે. એતો રણમાં રમાડી લાવે ઘેરરે; એતો૦ ગામ થે-
કી પડે પરગામમાંરે, એની કોઇ ન જાણે પેરરે. એની૦ પાં
ચમી સલામ માહારા ખાંડાનેરે, એતો રણમાં કરે મીઠા
ઘાવરે; એતો૦ દુસ્મન દુર રેહે દેખીનેરે, માહારૂ બુડતુ તા
રે નાવરે. મારૂ૦ છઠી સલામ માહારી ઢાલનેરે, એતો ર-
ણમાં હથ્યા કેરી ઓથરે; એતો૦ દુસ્મન જોઇ ઝડપ ઉડ-
તીરે, માહારી પડતી બચાવે ચોટરે. માહારી૦ સાતમી સ
લામ ધરતી માતનેરે, એતો મુવા જીવતાનો વિશ્રામરે; એ૦
પ્રાણી માત્ર સઉ પેટ ભરેરે, કાંઇ જીવતાનું જીવન ઠામરે.

પેહેલી સલામ માહારી જનેતાને કે જેણે નવ મહીના
સુધી પેટમાં રાખ્યો, પોતે દુઃખ વેઠીને મને મોહોટો ક-
ર્યો. બીજી જગશર માહાદેવને કે જેણે ગરભ આપી જ
ઠરા અગ્નિથી માહારી રક્ષા કરી છે. ત્રીજી જગત કરતા

પરમેશ્વરને કે જેણે અવતાર આપ્યો અને જે જીવતાં સુખી કીરતી વધારી મુવા પછી સ્વરગે લેઇ જશે. ચોથી માહારા રેવંતને કે જે ગામ પરગામ જઇને સાંજે વનમાંથી ઘેર લાવેછે. પાંચમી સલામ મારી તરવારને કે જે લડાઈમાં દુશ્મનનું દળ કાપીને માહારો જય કરે. છઠી સલામ મારી ઢાલને કે જે દુશ્મનોના સપાટાથી બચાવે, અને સાતમી સલામ ધરતી માતાને કે જેના અંદર મુવા જીવતા સમાય છે અને બધા પ્રાણીઓનો ગુજરો ચાલેછે માટે તેને નમુછું બીજા કોઇને હું નમતો નથી.

કુંવરનાં આવાં વચન સાંભળી રાજાને બહુ ક્રોધ ચડયો અને તેનું મસ્તક છેદી નાંખવા હુકમ કીધો એટલે વજીરે કહ્યું કે માહારાજ હું રાણી પાસેથી માગીને લાવ્યો છું તેવો પાછો પોહોચાડવાનો કરાર છે માટે ત્યાંહાં પોહોચાડયા પછી ગમે તેમ કરજો. એમ કહી કુંવરને લઇ દરબારમાંથી નિકળ્યા. રસ્તામાં આવતાં એક એંસી વરસની ઘરડી ડોસી આવતી દીઠી. એટલે કુંવર પ્રધાનને કહે છે કે આ ડોસીને અહિં બોલાવો, એને એંસી વરસ થયાં છે માટે સો સવાસો વરસની વાત જાણતી હશે. પ્રધાને વિચાર્યું કે કુંવર મોહા ચતુર છે માટે રાજાની પાછળ અંતે આ કુંવરનેજ ગાદી મળશે માટે તેની ચાકરી ફોગટ જશે નહી એવું ધારી ડોસીને કુંવર પાસે બોલાવી કહ્યું કે ડોસી મા તમને કેટલાં વરસ થયાં હશે? ડોસી કહે કે આશરે એંસી થયાં હશે. કુંવરે કહ્યું કે ત્યારે તમને સો સવાસો વરસની વાત યાદ હશે. ડોસીએ કહ્યું કે અવસ્થા થઇ છે તેથી થોડું યાદ હશે. કુંવરે પૂછ્યું કે આ ગામમાં પ્રથમ રાજ કોનું હતું. ડોસીએ કહ્યું કે ભાઈ વીરાજી ઠાકોરનું આગળ રાજ હતું ને આજે તો આ જામ રાજા રાજ કરે છે, કુંવરે પૂછ્યું કે વીરાજીના વંશમાં હાલ

કોઇ છે. ડોસી કહે બધાં મરી ગયાં પણ સોળેક વરસનો એક છોકરો છે. કુંવરે કહ્યું કે તે છોકરાને તેડી લાવો તો ઠીક એમ કહી ડોસીને દસ મોહોરો આપી. ડોસી દસ મોહોરો દેખીને બહુ ખુશી થઈ અને લાકડી ટેકીને ચાલતી હતી તે ખમે મુકી તાકીદથી પેલા છોકરાને કુંવર પાસે તેડી લાવી પછી પોતે ઘેર ગઇ. હવે પેલા છોકરાને કુંવરે પૂછ્યુ કે ભાઇ આ શેહેરમાં પ્રથમ રાજ કોનું હતું, છોકરે કહ્યુ કે ઘણા વરસ ઉપર તો માહારા ઘરડા રાજ કરતા હતા પણ તેઓનું જોર ઘટવાથી હાલ આ રાજા રાજ કરેછે. કુંવરે કહ્યુ કે કાંઇ જાંહાંગીર તાહારા કબજામાં છે, છોકરો કહે રોટલા ખાઉ તેટલાં ગામ બાહાર ખેતર છે અને ગામમાં હજાર વીઘાં ભોંય છે ત્યાં હાલ લોકો ઢોરે ફરે છે પણ રાજા માહારી ફરીઆદ સાંભળતા નથી. કુંવરે કહ્યુ તું એ જમીન મને વેચાથી આપીશ; છોકરો કહે કે વીઘે એક રૂપીઓ લઇને આપીશ. પછી કુંવરે બજાર માંથી રૂપીઆ અને સેલુ, મંદીલ, સોનાનાં કડાંનો સરપાવ આપી દસ્તાવેજ લખાવી લેઈ કુંવર વજીરની સાથે પોતાને ઘેર આવ્યો. રાણી કુવરને જોઇ બહુ ખુશી થયાં. પછી કુંવરે વજીરને કહ્યુ કે કાલ સવારે વેહેલા આવજો પેલી જમીન ઉપર મોહોટો મેહેલ બંધાવવો છે માટે કોઈ હુંશીઆર કડીયા સુતારને બોલાવી જે સામાન જોઇએ તેની યાદ કરાવો. વજીર વારુ કહી પોતાને ઘેર ગયા. રાણીએ પૂછ્યુ કે કેઇ જમીન ઉપર મેહેલ બંધાવોછો. કુંવરે કહ્યુ કે આજે આપણે એક હજાર વીઘા જમીન લીધી છે. બીજે દાહાડે ફુલશાંગ વજીરે પોતાના ખાનગી માણસને કહ્યુ કે એક મેહેલ બાંધવા સારુ કોઇ ન જાણે એમ સામાન મંગાવી તાકીદથી કામ ચલાવજો કોઇને કેહેશો નહી કે આ મહેલ ફલાણાનો છે. એવી રીતે સામાન દઇને

હુશીયાર કડીઆ સુતારને પણ ગજરા મારૂ પાસે બોલાવી લાવ્યા સુતારને મારૂજીએ કહ્યું કે રાજાના મેહેલ કરતાં ઘણો શોભીતો અને મોહોટો મેહેલ કરવો છે માટે તે જમીન સાફ કરાવી ચણવાનું કામ ચાલતું કરો. કુંવરને હુકમ થતાંજ ફુલશંગ વજીરના માણસોએ સામાન મંગાવી ઝપાટાબંધ કામ ચલાવ્યું. ફુલશંગ વજીર રાજા ન જાણે એવી રીતે ગજરા મારૂનું કારભાર કરવા લાગ્યા; થોડા દીવસમાં મેહેલ થયો તે બહુ શોભીતો અને છટાદાર બન્યો દીવાનખાનાં, રંગમેહેલ, ખડગ મેહેલ અને જનાનખાનું બહુ શોભી રહ્યું હતું; હવા ખાવાને વાસ્તે અગાશીઓ, અને તેની અંદર સુગંધી આપનારા ફુલનાં ઝાડ ગોઠવી મુકયાં હતાં, કચેરીને ચોરૂ દીવાનખાનાં ગલીચાથી મઢી લીધા હતા અને જગે જગે લહેરદાર આરસની બેઠકો કરી લીધી હતી ત્યાં ફુવારા છુટી રેહેવાથી સ્વર્ગના જેવી શોભા તે મેહેલની થઈ રહી હતી. ગજરો મારૂ પોતાના સોબતી છોકરાઓને ભેગા કરી એક રાજાની માફક ઠાઠ-દાર કચેરી ભરવા લાગ્યા, અને કસુંબાની લાલચે મોહોટા મોહોટા માણસોની ઠઠ મારૂને ત્યાં ભરાવા લાગી. ગજરો મારૂ અફીણ ખાનારાને અને દુધ સાકર પાય તેથી બંધાણીઓ આખો દીવસ ત્યાં ને ત્યાં પડી રેહેતા હતા; અને રાજા જામના રાવણામાં આવનારા રજપૂતો મારૂના રાવણામાં આવી જતા હતા એથી રાજા જામે પોતાના પ્રધાનને પૂછ્યું કે આગળની કચેરીના રાવણામાં માણસો ઓછાં આવે છે અને પેલા બંધાણી રજપૂતો કેમ જણાતા નથી, પ્રધાને કહ્યું માહારાજ તેઓ કાંઈક કામમાં રોકાયા હશે અને કોઈ મરી પણ ગયા હશે એમ કહી રાજાને સમજાવ્યો અને મારૂને ત્યાંનો મરમ આપ્યો નહી પણ એક દીવસ પરગામથી બંધાણી ભાટ ગામમાં આવ્યો તેણે એ

કે આદમીને પુછયુ કે રાજા રાજ્ય કરે છે કે નહી પેલા આદમીએ તેને બંધાણી ધારીને કહયું કે રસ્તામાં એક મોહોટો મેહેલ આવે છે ત્યાં અણગમાનીતી રાણીનો કુંવર છે તે તમને અફીણ પાશે. તે સાંભળીને ભાટ મારૂના મેહેલ તરફ આવ્યો; ભાટને આવતા જોઇને ગજરા મારૂએ પોતાના એક માણસ પાસે પેહેલા કસુંબાનું તાંસળુ ભરાવ્યું અને બીજાના હાથમાં દુધ સાકર આપી, તેઓ મેહેલ નિચે જઈ ઉભા રહ્યા અને પેલા બંધાણીને આવતાં વાંત તરતજ કસુંબો અને દુધ સાકર પાઇ એટલે ગજરા મારૂના હુકમ પ્રમાણે ત્રીજા માણસે આવીને ભાટને પાઘડી બંધાવી જેથી ભાટ ઘણો ખુશી થયો ને ગજરા મારૂ છજામાં ઉભા રહી જોતા હતા તેમને સલામ કરી ભાટ ગજરા મારૂના જશ ગાતો ગાતો રાજાની કચેરીને રસ્તે થઇ પોતાને મારગે ગયો.

દુહો—બાંડીઓ મેવાસે બુલે બંગલે રે, કાંઇ લજવી મારૂં બધું ગામરે; કહ્યું કુંવરે અણગમાનીતાની કુંવરે, તારૂ નવખંડ રેહેશે નામરે. તાહારૂ૦

ગજરા મારૂની કીરતી સાંભળી રાજાને બહુ ક્રોધ ચડ્યો તેથી તેણે ગજરા મારૂને દેશ પાર કાહાડવાનો હુકમ કરયો અને જો તે ન જાય તો તેને બાંધીને રાજાના પાસે લાવવા કહ્યું. રાજાની દરબારના તમામ માણસો સાંભળી રેહ્યા પણ મારૂના આગળ કેહેવા જવાની કોઇની હીંમત ચાલી નહી છેવટ બે ચાર મુસલમાન સીપાઇઓ તઇયાર થયા અને તેઓ ગજરા મારૂને ત્યાં રાજાનો હુકમ કેહેવા માટે ગયા. રસ્તામાં જતાં મીઆં ભાઇના મનમાં આવ્યું કે ગજરો મારૂ બહુ ફાંકડો છે તેથી રાજાના પાછળ મુકેર તેજ ગાદી ઉપર બેસશે અને આપડે તેના હાથ નિચે ચાકરી કરવી પડશે માટે મારૂને દુઃખ લાગે એ

વું કાંઇ બોલવું નહી. એવો વિચાર કરીને મારૂના મેહેલ પાસે આવ્યા, ત્યાંનો દેખાવ જોતાંજ સીપાઇઓ ઝાંખા પડી ગયા તેઓ એક બીજાને આગળ કરવા લાગ્યા પણ જવાની અને મારૂને બોલવાની કોઇની હિંમત રહી નહી; છેવટ એક ઘરડો ડોસો આગળ થયો અને મારૂની કચેરી-માં ગયો જ્યાં બંધાણી રજપૂતાની કચેરીની ઠઠ ભરાઇ છે, વાતના ગપાટા અફીણના સપાટા અને ઉપર શેરડી સાકરના ઝપાટા ચાલી રહ્યા છે, બીજા તરેહ તરેહના મેવા અને સોપારીઓના પાન ઢગ પડ્યા છે જે જેને પસંદ પડે તે ખાય છે અને મારૂના વાહ વાહ થઇ રહી છે એ બધાની વચ્ચે ઉંચી ગાદી ઉપર શોભીતું સીંહાસન નાંખીને મારૂ તે ઉપર બેઠા છે, અને આજુ બાજુએ મશ્કરાઓ ખુબ મશકરી કરી મારૂને રાજી કરેછે એટલામાં પેલો ઘરડો સીપાઇ આવીને કેહેછે કે માહારાજ આપના પીતાએ તમને દેશપાર કરવા સારૂ હુકમ કરેલો છે જે તમને રાજ પારો લેઇ જવાને અમને હુકમ થયો છે. મારૂએ કહ્યું કે જાઓ તમારા રાજાને કહો કે હું તમારા રાજમાં વસતો નથી માટે તમારો હુકમ હું માનતો નથી પણ કરમમાં લખ્યું છે તથી હું માહારી ઉંમર બાર વરસોની થઇશ ત્યારે વનવાસ જઇશ, પણ જો તમારે મારવાનું જોર હોય તો હું લડવા તઇયાર છું. સીપાઇ સલામ કરી રાજા પાસે આવ્યો અને કુંવરના કહેલી વાત કહી તે સાંભળી રાજા ફીકરમાં પડ્યા અને પ્રધાનને પૂછ્યું કે આ કુંવર શું કેહેછે, પ્રધાન કહે મહારાજ તે ખરૂં કેહેછે કેમકે તે તો અસલ રજવાડાની જમીન વગરની લેઇ ત્યાં મેહેલ બાંધી રહેલો છે માટે તેના ઉપર તમારી સત્તા નહી, વળી આસાળનું જોર ભારે છે માટે તે જતાં પણ પોહોચી શકાશે નહી. તે સાંભળીને રાજા છાના રહ્યા મનમાં વિચા-

રેચું કે માહારો પ્રધાન પણ તેની તરફમાં છે તો પછી લ ડીને શુ કરવું, એમ ધારી રાજા છાના રહ્યા. ગજરો મા રૂ મેહેલમાં રમત કરેછે અને પોતાને પરદેશ જવાનો કે ટલો વીલંબ છે તે જન્મોતરીમાં જુવેછે. એમ કરતાં કુંવર અગીઆર વરસના થયા એટલે રાણી દામાવંતીના પેટમાં ફાળ પડી કે હવે વરસ દાહાડા પછી કુવર પરદેશ જશે માટે આગાઉથી પરણાવીને લફરામાં નાંખુ કે કાંઈ કરતાં સંસારના છંદમાં પડને તે પરદેશ જવું છોડી દે અથવા જાય તો તે જતરી પાછો ઘેર આવે, કુંવારો હશે તો તેને ઘેર આવવાનું મન થશે નહી એમ ધારી રાણી દામાવંતીએ બ્રાહ્મણને બોલાવ્યો.

દુહો—બ્રાહ્મણ વીરા તુને વીનવુરે, તુંતો જાએ જો ગામ ગામરે; તુંતો૦ કુંવર જોગી કન્યા લાવજેરે, માહારૂ એટલુ કરજે કામરે. માહારૂ૦ રૂપે ગુણેરે કાંઇ શોભતીરે, તેમાં ન હોય ખાંપણ કે ખોડરે; તેમાં૦ જેવી મારૂર માહારો માહી રેહેરે, તેવી મેળવ જુગતે જોડરે. તેવી૦ ગુણ નહી ભુલુરે હુતો તાહરોરે, તને રાખીશ માહારી પાસરે; ત૦ મન આપૂરે જોઈએ એટલુરે, તાહારી પુરીશ હુના આશરે. તાહારી૦

જોશી મહારાજ કુંવરને વાસ્તે એક રૂપ ગુણનો ભંડાર કન્યા સોધી લાવા કે જેના પર મોહને કુવર કદી પરદેશ જાય નહી એ કામ થયેથી હુ તમને બહુ ખુશી કરીશ. બ્રાહ્મણે કહ્યુ કે હાલ તરત મને સો રૂપીઆ વાટ ખરચી માટે આપો. રાણીએ રૂપીઆ સો આપ્યા તે લઈને બ્રાહ્મણ રસ્તે પડયો. હવે કમળાવતી નગરીમાં ગુલાબસંગ રાજાને ઘેર એક કુંવરી ગજરા મારૂને લાયક છે, અને તે કુંવરીને કાને ગજરા મારૂની વાત આવેલી છે, તેથી તેણે ગજરા માર શિવાય બીજાની સાથે નહી પરણુ

વાનો નિશ્ચય કીધો છે અને તે ગજરાં મરૂની ઝંખના કરતી બરૂએ બેઠી છે. હવે પેલો બ્રાહ્મણ ભટકતો ભટકતો તે નગરીમાં ગયો અને રાજાના મેહેલ નિચે થઈને જાય છે. ત્યાં કુંવરીના સામું જોઈ ઉભો રહ્યો. પેલી કુંવરીની નજર પણ બ્રાહ્મણ ઉપર ગઈ એટલે તેના મનમાં આવ્યું કે આ મુસાફરને માહારી સાથે કાંઇ કામ હોય એવું જણાય છે તેથી તેને ઇશારત કરી પોતાના મેહેલ પાસે બોલાવ્યો અને પૂછ્યું કે—

દુહો—કીયારે મુલકથી તમે આવીયારે, તમે કીયા મુલકમાં જાઓરે; તમે૦ કોની જુઓછો તમે વાટડીરે, તમે કોના સારૂં બેઠી થાઓરે; તમે૦

તમે કયાંથી આવ્યા અને કયાં જશો કયારના બોહયાચા હ્યા નગર ઉભા રહી કોની વાટ જુઓછો બ્રાહ્મણે કહ્યુ કે—

દુહો—ઉતર ખંડથી અમે આવીયારે, કાંઇ મુલક જોવાને કાજરે; કાંઇ૦ જોયું નગર રૂડુ શોભતુંરે, તેમાં રૂડેરૂ ચાલેછે રાજરે. તેમાં૦

અમે ઉત્તરખંડથી આવ્યા છીએ; કાંઈ કામ નથી પણ નગર નીરખતા ફરીએછીએ. આ શેહેરમાં અમારે કોઈની પીછાન નથી પણ નવી પીછાન કરવી છે. એ સાંભળી ચંપાદેએ ધારયુ કે આ કોઇક રાજાનો લગનીઓ કન્યા શોધવા આવ્યોછે તેને સમ દેઈને પુછુ કે તમે શા કામે આવ્યાછો

દુહો—શારે કામે તમે આવીયારે, તમે સાચુરે બોલજો આપરે; તમે૦ જુઠુ બોલો તો માહારા સમ છેરે, તમને સ્ત્રી હત્યાનું પાપરે. તમને૦

માહારાજ તમે અમારા નગરમાં શા માટે આવ્યા છો તે ખરેખરૂ ન કહો તો તમારે માથે સ્ત્રી હત્યાનુ પાપ છે

દુહો—સાચુ કેહેતારે રાણી સત ચઢેરે, તમને મોહરૂપી વાગશે બાણરે; તમને૦ ધટઆડવથી હુતો આવીયારે,

કાંઈ કન્યા જોવાને કાજરે. કાંઈ૦ કોઈ નથી એવો જનેતા એ જનમીઓરે, કોઈ નથી સાંભળ્યો કાનેરે; કોઈ૦ નામ સાંભળતાં નારી ઢળેરે, કાંઈ વાગે મોહનાં બાણરે. કાંઈ૦

બ્રાહ્મણે કહ્યું કે માંડવગઢના જામ રાજાના કુંવરને માટે કન્યા શોધવા અહીં આવ્યો છું. કુંવરનું નામ દેઉં તો તેના ગુણ અને રૂપનું મોહ બાણ વાગીને તમે મુરછાંગત થશો. એવો પૂરૂષ કોઈએ કાને પણ સાંભળ્યો નહી હોય. તે સાંભળતાંજ કુંવરીને પોતાના હૈયાનો હાર ગજરો મારૂ યાદ આવ્યો. અને આ બરાહ્મણ જેના તારીફ કરે છે તે પોતાનો પ્યારો ગજરો મારૂ હશે એમ ધારી તેનું નામ જાણવા સારૂં બરાહ્મણને ફરી કહ્યુ કે—

દુહો—કેઈ જનેતાએ કુંવર જનમીઓરે, એવો કીયા રાજાનો કુમારરે; એવો૦ સાચુ બોલ વીરા સતવંતારે, તેને આપુ એકાવળ હારરે. તુને૦ વચન સુંણીને વીહળ થઈ રે માહારૂ મનડું ન રહે ધીરરે; માહારૂ૦ વરમાળા ઘાલુ હુંતો હેતશુંરે, કરી થાપુ નાણંદ કેરો વીરરે. કરી૦

માહારાજ તમારે મોહોડે વખાણ સાંભળીને મને ધીરજ રેહેતી નથી; હું તેને વરમાળ આરોપી માહારો માનીતો કરી લેવા આતુર થઈ રહી છું માટે તમે જેનાં વખાણ કર્યાં તેનું નામ કહો.

દુહો—કુંવર છે રાજા જામનોરે, એનું ધડ માંડવ છે ગામરે; એનું૦ અણમાનીતીનો દીકરોરે, એનું ગજરો મારૂજી નામરે. એનું૦ પુન્ય હશે તે નારી પામશેરે, કાંઈ ગજરો મારૂજી ભરથારરે; કાંઈ૦ સફળ જનમ થશે તેહનોરે, તેના ભાગ્ય તણો નહી પારરે. તેના૦

માંડવગઢના જામ રાજાની અણમાનીતી રાણીનો કુંવર ગજરો મારૂની સગાઈ કરવા સારૂ હું આવ્યો છું જેણે બહુ તપ કર્યો હશે અને જેના ભાગ્યનો ઉદય હશે તેજ ગ

જરા મારૂ પાનશે. કુંવરીએ પોતાના મનમાં ધારી રાખે
લા ગજરા મારૂની ખબર સાંભળીને ગાઢુ હરખ થયો અ
ને પેલા વેરીશાળીઆ બ્રાહ્મણને પોતાના પીતા પાસે મો
કલ્યો. બ્રાહ્મણે દરબારમાં જઈને વીવાની વાત કહી એટલે
રાજા રાણી બેને પૂછવા જનાનખાનામાં ગયા અને કુંવ-
રીને પણ ત્યાં બેસાડી પૂછી જોયું. કુંવરીએ કહ્યુ પીતા
જી વર જોઈને વીવા કરજો. રાજા કહે એટલા વર તો સા-
રો છે પાબુ આણુમાનીતાનો કુંવર છે એટલે રાજાને મન
ઉતારો થયો છે પણ તેના મામા ઘણા જબરા છે. રાણી
ઓએ વીવા કરવા હા કહી એટલે રાજાએ દરબારમાં આ
વી પોતાની કુંવરી ચંપદેનો વીવા ગજરા મારૂ સાથે કરયો
બ્રાહ્મણ વીવાની વધાઈ લેવા દમાવંતી રાણી પાસે આ
વ્યો અને સઘળી વાત કહી તે સાંભળીને રાણી ખુશી થ
યાં અને બ્રાહ્મણને બહુ ધન આપી ખુસી કરયો. હવે
જામ રાજા બહુ પ્રીતમાં રહે છે. એક દાહાડો ક્રોધ આવ્યા
થી પોતાની દાસીને કહ્યુ કે તુ સવારના પોહોરમાં કાળો
પોશાક અને કાળો ઘોડો ગજરા મારૂના મેહેલ આગળ
મુકીને આવની રેહેજે, જો તે ટેકવાળો હશે તો એક ઘ
ડી ગામમાં ઉભો નહી રહે. દાસીએ રાજાના હુકમ પ્રમાણે
કર્યુ. સવારના પોહોરમાં સુતો ઉઠીને મારૂ ઝરૂખે આ-
વ્યો તેવોજ પેલો ઘોડો અને પોશાક તેની નજરે પડયાં,
તે જોઈને વિચાર્યું કે રાજાનું જોર ન ચાલ્યું ત્યારે આ-
જ મને ગડીઆળથી દેશવટો દીધો માટે જો હુ ન જાઉ
તો માહારી જનેતાની કુખને એબ લાગે માટે માહારા બા
પનો હુકમ માની પરદેશ નીકળવુ જોઈએ એમ ધારી પો
તે દાતણ પાણી કરી જનમોતરીમાં જુવે છે તો તેજ દી-
વસે વનવાસ જવાનું ટાંકણું આવી રહ્યુ છે તેથી તરત પો
તાના રેવંતને તઈયાર કરી શમ વસ્ત્ર પેહેરી પોતાની મા

પાસે રજા લેવા આવ્યો. કુંવરને આવતો જોઈ રાણીના પેટમાં ફાળ પડી અને આંખમાં આંસુ લાવી કુંવરને પૂછ્યુ કે—

દુહો—કોનાં ફોડ્યાંને કોનાં ઢોળીઆરે, કુંવર કોનો કરયો ભંજવાડરે; કુંવર૦ કાળે ઘોડને કાળે લુગડેરે, જોઈ લાજી મરે રજવાડરે. જોઈ૦

ભાઈ તેં કોનું બગાડ્યું છે કે તેણે તને માનભંગ કરયો તે મને કહે. માહારા ભાઈ ઘણા જબરા છે તેઓને લાંછન લાગશે ને સાલસુલાના બેનના છોકરાને વારે કોઈ ચડનાર નથી એમ ગણાશે માટે જેણે તને દુભવ્યો હોય તેનું નામ દે એટલે હું તેનું જડામુળ કહાડી નાંખીશ. કુંવરે વિચારયુ કે જો હુ રાજાનું નામ દેઈશ તો મહારા મામા પાસે રાજાને હેરાન કરાવશે માટે માહારો કરમનો વાંક કાહાડુ જેથી કોઈને દુઃખ ન થાય એમ ધારી કુંવરેકહ્યુકે

દુહો નથી ફોડ્યાને નથી ઢોળીઆરે, મેં તો નથી કરયો ભંજવાડરે; મેં તો૦ કાળે ઘોડને કાળે લુગડેરે, આવી પોહોચી કરમની આડરે. આવી૦ જોશીએ કીધી જનમોતરીરે, એમાં લખીયા હતા લેખરે; એમાં૦ બારે વરશ રે વન ચાલીઓરે, તેમા મીથ્યા ન થાય મીન મેખરે. તે૦ માટે માહારીરે તમે માવડીરે, મુજને ઝટપટ આપજો શીખરે; મુજને૦ ઘડીએ ગમતુ નથી શેહેરમારે, હુતો દેખુ હળાહળ વીખરે. હુતો૦

મેં કોઈનો બગાડ કરયો નથી, પણ માહારા કરમે મને આ ઘોડો ને પોશાક મોકલ્યો છે, માહારી જનમોતરીમાં બારમે વરશ પરદેશ જવાનું લખેલુ છે. માતાજી વિધાત્રાના લેખ મીથ્યા થવાના નથી, માટે જલદીથી મને રજા આપો. કુંવરનાં વચન સાંભળી રાણીની આંખમાં ચોધારે આંસુ ચાલ્યાં જાયછે, અને કાયા કંપી રહી છે.

દુહો—તમારે ચાલ્યા મારૂ ચાકરીરે, અમને કોનો દીલાસો

આધારરે; અમને૦ દુખની વાતો કોને કીજીએરે, માહારી
કોણજ કરશે સાહાયરે. માહારી૦

રાણીએ કહ્યું કે કુંવર તું મને કોને આધારે મુકીને પ
રદેશ જાઓછો?

દુહો—તમને સુંપીરે સમરથ સાસરારે, તમને૦ સોંપી મ
છરીયાની વાટરે; તમને૦ અહિંઆં રહો તમે સુખથારે, પી
યર ગયે મટે ઉચાટરે. પીયર૦

મા ૧ અહિંઆં સરવે વાતે સુખ છે, અને પીયરમાં
માહારા મામા સમરથ છે માટે તમને દુઃખ પડે એમ નથી

દુહો—સાસરીઆમાં માર માહારે રૂમણારે, માહારા
પીયરમાં ભેજનાબ ભાંઠરે; માહારા૦ રતન સમોરે કુંવર જાય
છેરે, માહારા જીવતરે ઉઠી વાટરે માહારા૦

ભાઇ તને ખબર છે કે તાહારા પીતાનું હેત માહારા ઉ
પર કેટલું છે કે તે સુખે હું તાહારૂ દુઃખ વીસારીને અ
હિં રહું માટે તને તો જવા નહીં દેઉં, એમ કહી રાણી
રૂવેછે. કુંવરે જવાની બહુ હઠ કરી એટલે રાણીએ વિ
ચારયું કે હવે તે રાખ્યો રેહેવાનો નથી પણ જો આજની રા
ત રાખીને રાતની રાતમાં માહારા ભાઇને તડાવું ને કુંવ
રને કન્યા પરણાવું તો કદાચ મોહમાં લપટાઈને રહે, એ
વું ધારી માઇને કહ્યું કેઃ—

દુહો—આજનો વાસોરે રહો મોહોલમાંરે, તમને વાહા-
ણામાં દઇશું શીખરે; તમને૦ નારે કહે જો તમે નીસરોરે,
કાંઈ પેજી પીઉ હુતો વીખરે. કાંઇ૦

તાહારે જવું હોય તો કાલે જજે હું ખુશીથી જવા દઇશ
માહારૂ કહ્યું નહી માનો તો હું ઝેર ખાઇને મરીશ. એ
રીતે માતાનો આગ્રહ જોઇ પોતે એક દીવસ રેહેવાન હા
કહી. સાંજ પડતાં રાણીએ કુંવરને પરેહાવવાના તરખડ ક
રવા માંડી. રાણીએ વિચાર કરયો કે રાતની રાતમાં ગામ

સેવું છે તેથી માણસના પગથી કે ઘોડાથી તો નહીજ જ-
ના શકે. માટે હજાર ગાઉ ચાલી શકે તેવી સાંઢ હશે તો-
જ કામ થશે એમ ધારી રાણી રબારીવાડામાં આવી ને
રૂડીઆ રબારીને બોલાવે છે.

દુહા - રૂડીઆ રબારી વીરા વીનવુંરે, હુતો તજથી ના-
નેરી બાયુ બેહેનરે; હુંતો૦ કામ પડ્યું વીરા ઓપડીરે, મા
ટે આવીઠું માજમ રેનરે. માટે૦ ઝટપટ ઉઠી તું ના જાગજો
રે, કાંઈ બાની માહારા પર મેહેરરે; કાંઈ૦ માંગ્યા માગ્યાં મુ
લ આપીશરે, તું જાણે જો અમનગર શેહેરરે. તું૦ કુંવર
વીદેશી માહારો જાય છે રે, કાંઈ જોબન બાળે વેશરે; કાંઈ૦
સાબાસુબાને જઈને એમ કેહેજોરે, તાહારો ભાણેજ જાય
પરદેશરે. તાહારો૦

રુડીઓ રબારી સાત મણ ફુલની સેજમાં ભર ઊંઘમાં
સુતો છે ને એની સ્ત્રી પગ દબાવે છે, એવામાં રાણી-
નો અવાજ રબારણને કાને પડ્યો તથા રાણીને કહ્યું કે-

દુહો—ટાઢી રાતરે તુંતો ટળવળેરે, કાંઈ સાર તાહારો બં
ધ રાખરે; કાંઈ૦ રબારી ગયા છે એમને સાસરેરે, એમ
ની ડાબી ના દુખે છે આંખરે. એમની૦

માહારા ધણી તો ઘેર નથી સાસરે ગયા છે ને ત્યાં
આંખો દુખતી આવી છે. તે સાંભળી રાણીએ વિચાર્યું
કે જો સાસરે ગયો હોય તો આંખો દુખે છે એવી ખબ
ર અહિંઆ શી રીતે પડે માટે મુકરર રબારી ઘરમાં છે
પણ ઊંઘમાંથી ઉઠાડવો પડે માટે તે જુઠું બોલે છે. પ-
ણ એને જો કાંઈ લાલચ આપું તો તે જરૂર ઉઠાડશે એ
મ ધારીને તેને રાણીએ કહ્યું કે —

દુહો—રબારીને આપું નાથા મોતીઉંરે, તને આપું ત
નાસર હારરે; તને૦ ઝટપટ જગાડ તું તેહનેરે, કાંઈ કા
મ પડ્યું દરબારરે. કાંઈ૦

કે ભાઈ તું એને જલદી જગાડ, દરબારમાં કામ પડ્યું છે તેથી આટલી રાતે તેડવા આવી છું. દરબારનું નામ સાંભળીને રબારણે પોતાના ધણીને જગાડ્યો અને કહ્યું કે આટલી રાત સરકારનું તેડું કેમ આવ્યું છે. રબારી બેઠો થયો અને જવાબ દીધો કે આપણા ચાકરોએ કોઈના ખેતરમાં સાંઢ ચારી હશે એવું ધારી ચાકરને પૂછે છે.

દુહો—કેણી મેર ગયો બેટા ચારીઓરે, તંતો કેણી મેર ચારી છે સાંઢરે; તંતો૦ કોનાં ખેતર ખાધાં ભેળ્યારે, ભૂંડા કોનો કર્યો ભેળવાડરે. ભૂંડા૦ કોનું ખાધું ને કોનું ખોદીયુંરે, તુંતો સાચેરી કેહજે વાતરે; તુંતો૦ દરબારે તેડું મને મોકલ્યુંરે, ભૂંડા ગળતી માજમ રાતરે. ભૂંડા૦

આજે આપણા ઢોરે કોઈના બગાડ કરેલ છે કે દરબારમાંથી અત્યારે તેડું આવ્યું છે. ચાકરે કહ્યું કે —

દુહો—ઉગમણી ગયો બેટા ચારીઓરે, મંતો આથમણી ચારી છે સાંઢરે; મંતો૦ કોઈનાં ખેતર નથી ભેળ્યારે, કોઈનો નથી કર્યો ભંજવાડરે. કોઈનો૦

કોઈના ખેતરમાં ઢોર જવા દીધું નથી, રાજા તો કાંઈ કાંઈ કામ સારૂ બોલાવતા હશે. પછી રૂડાઓ રબારી નીચે ઉતર્યો એટલે રાજાના રાણી દાસીને દીઠી; રબારીએ કહ્યું કે આટલી રાતે એકલાં માહારે ઘેર કેમ પગલાં કર્યાં. રાણી કહે ભાઈ તાહારૂં કામ પડ્યું છે ગજેરો મારૂ દેશવટે જાય છે માટે તું અમનગરે જઈ માહારા ભાઈને રાતની રાતમાં તેડી આવે તેવી જોરાવર સાંઢ હોય તે લઈને જા. તે સાંભળી રબારીએ કહ્યું કે—

દુહો—ત્રાણુંસેને સાઠ માહારે સાંઢણીરે, તેમાં ગગા જમનાની જોડરે; તેમાં૦ મન વેગે પવન વેગે ચાલતી૦, તેમાં ન મળે આપણ કે ખોડરે. તેમાં૦ અપંડ જોતા ધીની ગળહળેરે, તેને ઘુઘ આગર બહુ થાયરે; તેને૦ ચારો

ગરે નાગરવેલનોરે, તેતો પલકે જોબન જાયરે. તેતો૦ ધારી એપે હુંતો પરવરરે, તમે મનમાં રાખજો ધીરરે; તમે૦ આ મનગર પેહોચુ પલકમાંરે, તેડી લાવુ તમારો વીરરે. તેડી૦

ગાહારે ઘેર ત્રાણસે રાક સાંઢો છે તેમાં ગંગા જમનાંનો જોડો મનવેગે પવનવેગે જાય છે તેના મો આગળ છપ્પન દીપ અને અખંડ ધીની જોતો બળે છે. તમારે ફીકર કરવી નહી હમણાં તેડીને પાછો આવું છું એવું સાંભળીને રાણી ખુશી થયાં અને કહ્યુ કે:—

દુહો—રસ્તે જાજોરે જોધને જળધારે, ભુડા અંધારી રાતનું કામરે; ભું૦ કા૦ વાલિશડા વીરા હતો પાધરેરે, તોતે ચાલી જતા કેશી હામરે. તો૦ ગુણ નહી ભુલુ હુંતો તાહેરોરે, કાંઈ ગુણ ઓશીગણ થાઉરે; કાંઈ૦ કડાં કઢીને સેલાં પાઘડીરે, સવા લાખ સોનૈયા દેઉરે. સવા૦

ભાઈ અંધારી રાતે જોધને જજો તમારો ગુણ હુ નહી ભૂલુ. સવા લાખ સોનાની ગાહોરો આપીશ એમ કહી રાણી પોતાને મેહેલે આવ્યાં અને રબારીએ સાંઢને શણગારવા માંડી.

• દુહો—સાંઢની કેટે સોના સાંકળીરે, એને ઉર એકાવળ હારરે; એને૦ પાએ તોડા જોને ઘુઘરારે, પાય ઝાંઝરનો ઝમકારરે. પાય૦ સોના રૂપાનો કાંઠલોરે, કાંઈ રત્ન જડીત્ર પલાણરે; કાંઈ૦ હીરા જડીત્ર એનો મોવડોરે, જાણે ઝળકે સુરજ ભાણરે. જાણે૦ કસબી પાઘ ઝાલી હાથમાંરે, કાંઈ રૂડીઓ થયો અસવારરે; કાંઈ૦ ગોળો છુટયો જાણે ગોફણેરે, તેમ સાંઢ ચાલી સમકારરે. તેમ૦

તરેહવાર અને ભાતભાતના શણગાર સજીને પોતે સાંઢ પર અસ્વાર થયો, પછી જેમ ગોફણમાંથી ગોળો છુટેછે તેમ સાંઢે ચાલવા માંડયુ. જતાં જતાં અમનગર પાસે આવ્યું ગોટલામાં સમસમ કરતી રાત ચાલી જાયછે તેને ર

આ઼ી઼એ પુછ્યુ કે હે માસી ક્યાં જાય છે ત્યારે રાત કહે હુ તો વાહાણું વાવાને જાઉંછુ. રૂડીએ વિચારયુ કે જો રતન કામને કરૂ તો પછી વાહાણું વાવાની ફીકર મટી જાય. એવું ધારી મ઼ાથે ભોંય નાંખી દીધો અને રાતને કહ્યુ કે માસી માહારો ચાળ઼ો આપો. રાત કહે મને તો વાર થાય છે તેથી તું તાહારી મેળે લે: રભાજીએ કહ્યું કે હુ સાંઢને બેસાડીશ ત્યારે માહારાથી નિચે ઉતરાશે અને તમે તો ઉંચો હાથ કરી આપી શકશો. પછી રાત ચાળ઼ો લેઇ ઉંચો હાથ કરી આપેછે એટલે રૂડીએ રાતનું કાંડું ઝાલી સાંઢ ઉપર ખેંચી લીધી અને પોતાની ગાંડ તળે દાબીને તેના ઉપર ચડી બેઠી. વાહાણું વાવાની ફીકર મટી ગઇ઼ ને રૂડીબા અમનગર આવી પેહોચ્યો ત્યાં દરવાજા બંધ દીઠા એટલે દરવાનને કહ્યું કે:—

દુહો—દરવાન વીરા તને વીનવુંરે, માહારે જાવુ છે રાજાની પાસરે; માહારે૦ ઝટપટ મને શેહેરમાં ઘાલનેરે, પછી દરવાજો તાહારો વાસરે પછી૦

દરવાજો ઉઘાડ માહારે રાજાનું કામ છે.

દુહો—બંધ દરવાજો નવ ઉઘડેરે, કાંઇ કુંચીઓ પડી દરબારરે; કાંઇ૦ રાત રેહો શેહેર બારણેરે, સુતા ઉઠી આવોને સવારરે. સુતા૦

દરવાને કહ્યું કે વાહાણું વાતાં આવશો તો દરવાજો ઉઘાડશે હમણાં ઉઘાડવાનો હુકમ નથી અને કુંચીઓ દરબારમાં જાય છે. રભાજી વિચાર કરે છે કે આપણે તો રાતની રાતમાં જવું છે અને આ તો વાહાણું વાએ દરવાજો ઉઘાડવાનો વાયદો કરેછે માટે આપણું કામ શી રીતે પાર પડશે એમ ધારી દરવાનને કહ્યું કે.—

દુહો—લળી લળી લાગુ તાહારે પાવલેરે, જઇ દરબારને જગાડરે; જઇ૦ વેહેરો લાવ્ય તુતો કુંચીઓરે, કાઇ દરવા-

જો ઉઘાડરે. કાંઈ૦

આઇ દરવાન હું પગે લાગુ છું તું દરબારને જઇને જગાડ, અને કુંચીઓ લાવી દરવાજો ઉઘાડ. દરવાને કહ્યું કે કદી રાજા ગામ બાહાર રહ્યા હોય તો પણ રાતે દરવાજો નહી ઉઘડે. આવો જવાબ સાંભળી રબારી ફીકરમાં પડ્યો અને સાંઢ ઉપર નીસાસો મુકી સાંઢને કહ્યું કે.--

દુહો--ફટરે પેઝારી ફટ પાપણીરે, મેં તો તાહારો કરયો વિશ્વાસરે; મેં તો૦ ગોપ કરી સહુ બાળી ગઇરે, દામ મળવાની નથી આશરે. દામ૦

હે ભુંડી તાહારો વિસ્વાસ કરવામાં હું નીરાશ થયો. હવે રાતના રાતમાં જવાશે નહીં. જો કોઇ એકલો હોત તો તને પેઠાવત પણ પાંછળ સાહેલી આઈ છે માટે લાગ ફાવે તેવું નથી એમ કહી રડવા માંડ્યું. રૂડાંઆને શોકાતુર જોઇને સાંઢને દયા થઈ અને તે બોલી.

દુહો--મુજને છતાં શા તને સોચનારે, કાંઈ આવડો દુખી શીદ થાયરે; કાંઈ૦ અહિંથી ઉડીને જાઉં આકાશમાંરે, તેની ખબર ઘડીમાં કહુંરે તેની૦ તાણીને બીડ તગતા જણોરે, કાંઇ ઢીલેરી મલજે લગામરે; કાંઇ૦ બેતરવા એક પાછી ફેરવરે, મુને પેઠાવ જોઇ રૂડો લાગરે. મુને૦ કોટના પાડું હું તો કાંગરારે, પેઠી જાઉં સમુદર પારરે; પેઠી૦ અહિંથી તરાપીને હું તો ઉછળુંરે, કાંઇ જઇ પડું શેહેરના માહેરે. કાંઇ૦

હે રૂડીઆ એક બેતરવા પાછી લેઇ જઇને તું મને પેઠાવ, એના કાંગરા અને ખાઈ સુધાં કુદીને હું શેહેરમાં જઇશ. રૂડીઆને હિંમત આવી અને સાંઢ પેઠાવી તે સાજાસુજાની પોળે જઇને ઉભી રહી, રૂડીઆએ પોળીઆને જગાડી કહ્યુંકે

દુહો--પોળીઆ માહારાતે તું તો બંધવારે, કાંઇ સાજા સુજાને જગાડરે; કાંઈ૦ કામ માહારે છે ઘણું ઓપટીરે, તું તો ઝટપટ પોળ ઉઘાડરે. તું તો૦

પોળ ઉઘાડ અને સાલાસુજાને જગાડીને કહે કે—

દુહો—સાલાસુજારે તમને વીનવુંરે, કાંઈ લજી લળી લા ગુ પાયરે; કાંઈ૦ ધઢ માંડવથી હું તો આવીયોરે, ભુને વા ર ઘણેરી થાયરે. મુને૦ માટે વેલેરા તમે ઉઠજોરે, કાંઈ ત- ત્પર થાઓ નરેસરે; કાંઈ૦ દામાવંતીના દીકરાને, એના તા ત આવ્યા પરદેશરે. એના૦ માટે રાણીએ મને મોકલ્યો, કેહેજો ભાણેજ જાય વીદેશરે; કેહેજો૦ અત્યારે આવીને ત- મે રોકજો, કુંવર હજુએ છે બાળે વેશરે. કુંવર૦

રૂડાયાનો અવાજ સાંભળતાં સાલાસુજા જાગી ઉઠયા, ને નીચે આવીને રૂડાયાને પૂછ્યું કે ભાઈ શું છે? રૂડાએ કહ્યું કે ગજરા મારૂને એના બાપે દેશવટો દીધો છે માટે તે સવારમાં જવાનો છે તેથી તમને તેડા આવ્યો છું એવું સાંભળીને સાલાસુજા ઘણા દીલગીર થયા અને તત્યાર પ છ સાંઢ ઉપર બેઠા. રૂડાએ સાંઢ બેઠાવીને પવનવેગે મુકીને માંડવધઢ આવી જ્યાં દામાવંતી રાણી ભાઈને જોઈ રા- જી થઈ અને રબારીને ધન આપીને રાણીએ ભાઈને કહ્યું કે ભાઈ આતો સવારનાં જવાનો છે, આનો વીવા કમ ળાવતી નગરીના રાજાની કુંવરી સાથે કરેયા છે માટેત્યાં રાતની રાતમાં લઈ જઈને પરણાવી આવો તો તે કોક દી વસ પાછો ઘેર આવશે. રાણીના ભાઈએ રબારીને કહ્યું કે ભાઈ આટલું કામ કરવાની હિંમત ધાલો તો ઠીક. રબા રીએ કહ્યું કે મારા જીવમાં જીવ છે ત્યાર સુધી તમારો તાબેદાર છું. પછી મામાએ મારૂને જગાડયો અને કહ્યું કે ભાઈ મારે ઘેર આવો. મારૂ કહે કે મારે તો સવારમાં પ રદેશ જવું છે, મામાએ કહ્યું કે આપણે ઘેર બધાને મળી ને જજો. એવું સમજાવી સાંઢ ઉપર બેસારી સાંઢને ઉડા ડી તે કમળાવતી નગરીમાં આવી પોહોચી. મામાએ રા જા પાસે જઈને કહ્યું કે અમારા ભાણેજના બાપે એને દે-

શવટો દીધો છે માટે તમારી કુંવરીને પરણાવી દો કેમકે તે હાલ પરદેશ જવાનો છે. એવું સાંભળીને રાજા દીલગીર થયા અને વિચાર કર્યો કે કોઇ અજાણ ગરજો હોય તો પરણાવવાની ના એ કહીએ પણ આતો સાબાસુબા અને જામ બહુ જબરા છે એટલે તેમને ના કેમ કેહેવાય. પછી પોતે રાણી પાસે જઇને કહ્યું કે ગજરામારૂના બાપે એને દેશવટો દીધો છે માટે તે અહિં પરણવા સારૂ આવ્યો છે. રાણી કહે કે એવા રીતે કન્યા કેમ દેવાય, રાજા કહે એ આપણાથી ના ન કેહેવાય કુંવરીને પુછીએ તે શું કેહે છે

દુહો—જાન આવી મઠ માંડવથીરે, કાંઇ પરણવાને હાલરે; કોઇ૦ પીતા એનાએ આપ્યો દેશવટોરે, કાંઇ વાહેલી જાશે કાલરે. કાંઇ૦ રાજકુંવર પરણીને તુજનેરે, તેતો હવડાં જાશે વનવાસરે; તેતો૦ લખ્યું હશે ત્યારે આવશેરે, તમે મુકો પરણવાની આશરે. તમે૦ રાજકુંવર પરણ્યા જાણતારે, કાઢેલ સોડી ચાલીશ પાનરે; મેહેલ૦ તેનો રેહેશે તન એકરતારે, કાંઇ માહારૂં કહ્યું તું માનરે કાંઇ૦

રાજાએ કુંવરીને કહ્યું કે મારૂને તો તેના પીતાએ દેશવટો દીધો છે તેથી કાલે વનવાસ જવાનો અને હાલ તે પરણવા આવ્યો છે. તું જાણીશ કે રાજકુંવરને પરણીને ને સુખ ભોગવીશ, પણ તે વાતનો એરતો રહી જશે માટે પરણવાની આશા છોડી દે. તેવારે ચંપાદેએ કહ્યું કે—

દુહો—કરમે લખ્યું હશે માહરેરે, તેતો મીટશે નહી થાય મારા બાપરે; તેતો૦ રૂડો ભુંડો રે કાંઇ મેં વર્યોરે, મને બીજો કેહેતા બેસે પાપરે. મન૦

હે પીતાજી મારા કરમમાં જે લખ્યું હશે તે થશે, જેવો તેવો મેં એક વખત કબુલ કર્યો તેજ ખરો હવે બીજો શોધતાં મને દોષ લાગે, એ સાંભળતાં તરતજ રાજાએ લગનનો સામાન મંગાવ્યો અને કન્યાદાન દીધું જ્યાં ગજ

રો મારૂ ચોગીમાં ફેરા ફરે છે અને ત્રણ મંગળ વરતાઈ રહ્યાં એટલે મારૂને યાદ આવ્યું કે જો હું આ પંચાતમાં પડીશ તો પીતાનું વચન જશે તેથી તરવાર એ ચોને વરમાળ કાપી નાંખીને નાઠો. એના મામાએ વાર્યો પણ માન્યું નહીં એટલે ચોથુ મંગળ માંડાથી વરત્યું. કન્યાને પીઠ પર મુકીને મારૂ સાંઢ ઉપર બેસી ચાલ્યો નિકળ્યા જતાં જતાં રસ્તામાં ભવઈયા રમતા હતા તેની ભુંગળો વાગી એટલે તે ગામમાં જોવા ગયા. ભવાઈ જુવે છે ત્યાં ભવઈયા કે હેછે કે અમે એકેક જાતનો વેશ બબે ત્રણ ત્રણ વખત ક લાવ્યા પણ વાહાણું વાતુ નથી માટે કોઇએ રાતને બાંધી છે કે શું આમ ઢોલે વિચાર કરયો કે હું હવે વધારે વાર કરીશ તો ઘણા માણસોને નુકશાન થશે, કોઇનાં ફુલ કરમાઈ જશે, અને કોઈનાં દહીં ખાટાં થઇ જશે, તેથી પોતે તરવારની તોડો આપી સાંઢ હાંકીને માંડવગઢ આવી પોહોચ્યો ને ત્યાં જઇ દામાવંતીને કુંવર સોંપ્યો અને સાસુ સસરાને પણ અમનગર મુકી આવીને રાતને છોડી દીધી કે તરત વાહાણું વાયુ એટલે ગજરો મારૂ નાહી ધોઇ તઇયાર થયા અને પોતાની માને પગે લાગી ચાલવા માંડે છે એટલે રાણીએ કહ્યું કે—

દુહો—સુરજ પોળે તમે સંચરોરે, કાંઈ રવી ઉગમતે સુરે; કાંઇ૦ પર ધરતીને પર રાજમારે, કાંઈ વાધે ઘણું એક નુરરે. કાંઇ૦

સારા શુકન થયા એટલે મારૂ રસ્તે પડયો અને રાણી દામાવંતી રૂદન કરવા લાગી.

દુહો—સુનો સમરથ મારૂ ઢોલીઓરે, તારી ઘોડા સુની ઘોડારરે; તારી૦ સુની મેહેડીને સુની માવડીરે, કાંઇ સુના મુકયા શણગારરે. કાંઈ૦ સુના દાસને સુની દાસીઓરે કાંઈ સુના મુકયા આવાસરે; કાંઈ૦ સુના બાગ સુના બાગ

રે, કાંઇ શુના પાચા અવાસરે કાં૦ ૯૦

અરે પુત્ર તાહરા વગર મેહેલ બાગ બગીચા ચાકર નોક ર અને તાહરા સઉ શણગાર શુના પઢ્યા છે એમ કહી રૂદ ન કરેછે. માફને આકાશ મારગે એઠ એડ કરતો જાપંછ પણે ધંપાદ જે દીવેસેથી માર પરણીને મુકી ગયો છે તે દીવસથી ખાન પાન અને ગાન તાન મુકીને પરમેશ્વરની ભકકિત કરે છે. ઘણા દીવસ વહી ગયા પછી એક દાહાડો રાણીએ દાસીને કહયું કે આજ માહારા માથામાં ઘાલવા સારૂ ચંપેલ તેલ લાવ પછી દાસી સરઈયાને તાયાં લેવા આવી અને કહયું કે-

દુહો--સરઈયા તું તો સારૂ જોઇનેરે, મૂને આપજે ચં પેલ તેલરે; મુને૦ ઝટપટ કરી તુતો જોખજેરે, તાહારે કા મ પડયું સઉ મેહેલરે. તાહરે૦ ૯૧

સરઇયા જલદીથી તલ આપ. સરઇએ તેલ આપીયું તે લઇને દાસી જાય છે, એટલામાં ઘોડાનો ને માણસનો પડછાયો જમીન ઉપર પડયો તર્યા દાસીએ ઉંચુ જોયું એ ટલે ગજરા મારૂ જેવો પૂરૂશ દીઠો તેથી હાથમાનુ કચોળુ પડી ગયું, તે જોઇ સરઈયાએ કહયું કે કચોળુ કેમ પડી ગ યું. દાસી કહે તે પડયાની મને ફીકર નથી એમ કહી ઉતાવ ળી પોતાની બાઈ પાસે આવી અને કહયું કે-

દુહો--કાળે ઘોડેને કાળે લુગડેરે, કાંઇ ગજરો મારૂ અસવારરે; કાંઈ સાચુ માનો મારી બાઇજીરે, જાણે જા ય તમારો ભરથારરે; જાણે૦ ૯૨

બાઇ ગજરો મારૂ આકાશ મારગે જાય છે તે સા- ભળીને ચંપાદને ઘણી રીસ ચડી અને દાસને કહયુકે

દુહો--જાનેતુ જુઠા બોલી છોકરીરે, મને પડીયલ ક ટારીના ઘાવરે; મને૦ નીચી જાત તુ તો લુડોનીરે, કીધી મશકરી માહારો જોઈ દાવરે. કીધી૦ ૯૩

જા જા રાંડ તારે આજ મશકરી કરવાનો વખત છે તા હારે મન હસુ અને મને તો કટારીનો ઘાવ લાગે છે, દાસી ઝ ખવાણી પડી અને હાથ જોડીને બેલી કે બાઇ હુ મશકરી કરતી નથી તમે માહારી સાથે ચાલો તો આપણે અગાશી ઉપર જઇને જોઇએ. પછી બંને જણાં અગાશીમાં આવી જુવેછે તો આકાશ મારગે મારૂને જત દીઠો તેથી ચંપાદે ખુશી થઇ બોલી કે -

દુહો--ઘોડો બાંધુ ઘોડારમાંરે, કાંઇ પલાણ મેહેલુ પરસાળરે; કાં૦ દામાવંતીના દીકરારે, તુતો મારે મોહોલે પધારરે. તુ.

મારૂને કાને અવાજ આવતાંજ ઘોડાને ઉભો રાખી પોતે વિચાર કરેછે કે અહીં કોમ બોલાવતુ હશે, રસ્તામાં માસીતું ગામ આવે છે તેતો નહી હોય, માહારી માનુ નામ દ છે તેથી એજ હશે એમ ધારી ઘોડાને તે મેહેલમાં ઉતારી દીધો. મારૂને જોઇને ચંપાદેને બહુ આનંદ થયો, તેણે ઓળખાણ કાહાડયા વગર ત્રણ દાહાડા સુધી મારૂને પોતાની પાસે રાખ્યો. એક દાહાડો બંને જણ સોગટાંબાજી રમવા બેઠાં તે વખતે રાણી કહે કે તમે તો મરદછો તેથી મુને જીતશો. એટલે મારૂ કહે એમાં કાંઇ મરદાઇનું કામ નથી એતો નસીબની વાત છે જેના દાવ પડે તે જીત રાણી કહે કે માહારેજ જ્યાં ત્યાં નસીબ તો સાથેજ છે; તને મને ચોરીમાંથી મુકીને નાઠા હતા પણ માહારા નસીબમાં હતું તો પાછા ભેગા થયા. એ સાંભળીને મારૂ વિચારમાં પડયો કે હવે આ સુખમાંથી જવાશે નહી એમ ધારી બાજી ઉપાડી નાંખી અને રાણી પાસે રજા માગી.

દુહો—ઘડીએ રહ્યાની મને આખડી, અન્ન પાણી ઘવું માહારે વીખરે; અં૦ ઝટપટ હવે અમે ચાલશુરે, રાણી ખુસીથી આપોને સીખરે, રાણી૦

તમે ખુશી થઈને મને રજા આપો હું હવે પરદેશ જાઉ

રાણીને પસ્તાવો થયો કે ઓળખ્યા વગર કાહાડવાથી માહારે પાછો વીજોગ થયો. આટલા દાવરા દુખના ડુંગર ઉગ્યા તીવારે પ્રભૂએ દયા લાવી સુખમાં નાંખી પણ પાછું માહારૂ કરમ ફરી બળયું એવી રીતે પસ્તાવો કરી રાણી રૂદન કરવા લાગી.

દુહો—આજના વાસો માહારા મેડીએરે, તમે પરદેશી પરૂણા થાઓરે; તમે૦ રાત રેહો માહારા મેહેલમાંરે, તમે વાહાણામાં સુખેથી જાઓરે. તમે૦ ૯૫

મારૂને કહેછે માહારાજ; આજની રાત માહારા મેહેલમાં પરદેશી મેમાન દાખલ રેહો અને સવારમાં જવું હોય ત્યાં જજો. રાણીનો આગ્રહ જોઈને ગજરા મારૂ ત્યાં રહ્યા મધરાત ગઈ છે, રાજા પલંગમાં ઊંઘેછે ને રાણી પગ દબાવેછે એટલામાં મરઘે અવાજ કરયો તે સાંભળી મારૂ જાગી ઉઠ્યો અને જવાની તઈયારી કરવા માંડી. રાણીએ કહ્યું કે માહારાજ હજી તો મધરાત ગઈ છે માટે સુઈ રહો પછી ચંપાદે મરઘા ઉપર ગુસ્સો કરીને કેહેછે.

દુહો—ગઇ મધ રાતનો મરઘો બોલીઓરે, મારા મારૂ ને પડ્યો ત્રાસરે; મારા૦ સવારમાં બોલાવું;મુવા વાઘરીરે, તને પકડી મંગાવું મારી પાસરે. તને૦ થોડું થોડું એંચુ તારાં પીંછડાંરે, તારી ચાંચે દેવરાવું ડામરે; તારી૦ મારૂજી ઝબકીને જવા જાગીયારે, મારૂ બગડ્યું બગાડે તું કામરે. મા૦

અરે મરઘા તું બેલીતે મારા રંગમાં ભંગ પાડેછે, મારા પ્રાણહાર પલંગમાં પોહોડ્યા છે તેમને ત્રાસ પડાવે છે, તે સાંભળીને મરઘે કહ્યું કે—

દુહો—તમારે કારણ નથી બોલીઓરે, હુંતો બોલ્યો ગરીબાને કજરે; હુંતો૦ મજુરોએ જાવ ઝટ જાગીનેરે, તમે સુખે સુઓ માહારાજરે. તમે૦

બાઈ તમે નીરાંતે ઊંઘો મારે તો ગરીબ મજુરાને સારૂ

ખોલવું પડ્યું ને ગીગાગ વખતસાર ઉઠીને પોત પોતાને ઠે. કાણે ગજરા માટે ઉઠી ગયા ને રાત પાછલી પોહોર રહી એટલે પાછો મરઘાએ અવાજ કરયો તે સાંભળી રાજા ઉઠ્યો. રાણીએ કહ્યું હજી રાત છે માટે સુઇ રહો. પછી રાણીએ મરઘાને કહ્યું કે—

દુહો—પાછલી રાતનો મરઘો બોલીઓરે, મારા માટને પડાવ્યા ત્રાસરે; મારા૦ સવારમાં ખાવું વાગરારે, તને બડી મંગાવું મારી પાસરે. તને૦ થોડે થોડે ગોંચુ તાહારાં પીછાંરે. કાંઇ ચાંચે દેવરાવું ડામરે; કાંઇ૦ માટજી જગ્યા બાગી આરે, માટ બગડ્યું બગડે તું કામરે૦ માટ૦

મુના કહી કહીને થાક્યાં પણ તું છાનો રેહેતો નથી. મરઘો કહે છે કે—

દુહો—તમારે કારણ નથી બોલીઓરે, હું તો બોલ્યો તમ્મર હેરે કાજરે; હું તો૦ સઉ સંઘાથ જાઓ સોહેજમારે, તમે સુખે પોહોંચો માહારાજરે. તમે૦

બાઇ હું તમારે વકતે નથી બોલતો પણ ચોર લોકને ચેતાવુંછું. હવે રાત થોડી રહી માટે સઉ સંઘાથ જાઓ એમ કરતાં વાહાણું વાયું એટલે રાજા જાગી ઉઠ્યો ને રાણીને કહ્યું કે હવે હું રેહેવાનો નથી.

દુહો—સીખ આપોને રાણી સતવતીરે, અમે જઇશું હવે વનવાસરે; અમે૦ બારે વરસે પાછા આવશું, તમે મુકો અમારી આશરે. તમે૦

બાર વરસ સુધી માહારી આશા મુકીને શીખ આપો તે સાંભળીને રાણી રૂદન કરે છે.

દુહો—રહો તો રાખું માટે લાલચારે, કાંઇ જાઓ તો ઓસારૂ શીણી થવરે; કાંઇ૦ માહારે મોહોલે આવો સાહબારે, છોડી મુકો છોકરવાદી છેકરે. છો૦

તમે અમથાં માન શુકન કહોછો પણ હું રેહેવાનો નથી

તે માટે જલદી સારા શુકન આપો. રાણી રાજાના સામુ જોઇને કહેછે કે મન તમે કોના આધારે મુકીને જાઓ છો રાણી કેહેછે અને રાજા ઉતર આપેછે.

દુહો--તમે આહ્યા રાજા ચાકરીએ, અમને કોની ભળામણ દે છોરે; અમનેο સુખ દુખ જોવા કોણ આવશેરે, તેવી કોને સુપરત કહોછોરે. તેવીο

હે રાણી વધારે રૂદન કરે કાંઈ ઘણું છે. મને રજા આપો. રાજા કેહેછે.

દુહો--તમને સોંપ્યાં મંદીર માળીયારે, રાણી સોંપી હીંચોળા ખાટરે; રાણીο ખાઓ પીઓને એલો માજમારે, તમે માહલો મંદીરીઆની વાટરે. તમેο મેહેલ બંધીખાનું માનાએરે, ગારે હીંચોળો શુળી સમાનરે; મારેο મા જો મુકીને રૂદન માંડીઆરે. રાજ મહીયર ઉજડ રાનરે; રાο તમને સોંપ્યા કળશી કોઠરારે, તમને સોંપી દુજણી જોટરે, તમનેο દુધ સાકર પીઓ દાહાડીએરે, વસ્ત્ર શણગારનીના થી ખોટરે; વસ્ત્રο માહારે મન કોઠરા રાજ કોયલારે, દુજણી જોટા ચામડીયાને દેહરે. દુજણીο દુધ સાકર રૂધીર દેખીએરે, વસ્ત્ર બાળી રખ્યા ચોળી રેહુંરે; વસ્ત્રο તમને સોંપ્યારે સમરથ રેંટીઓરે, તમને સોંપ્યો છ રાણ કપાસરે તમનેο સરખી સમવર મળી કાતશોરે, તેમાં નહી રહો ઉદાશરે. તેમાંο રેંટીઆ ભાગાન રૂ પીંજરેરે. કંઈ ક પાસે મુકુ આગરે: કાંઈο સાહેલીએનો સંગ નથી કામનોરે, ગંતો બલી તગાડી બાહેરે. મેનોο તમને સંપ્યો પારસ પીંપળોરે, રાણી ગગુજે પીંપળીયાનાં પાનરે; રાο બારે વરશે અમે આવશુરે, રાણી વાળીશુ તમારાં વાનરે. રાણીο સાથે તેડો માહારા સાહબારે, માહારાં બાર વરસ કેમ જાયરે; માહારાંο વીજોગની ઘડીઓ જાય વેગળીરે, મને દાહાડો વરસ સમો જાયરે. મનેο આવું જાણત તો

નવ પરણુતારે, રાજા બાળકુંવારી રહેતરે; રાજા૦ ઠાલો હાથ મેં તો ઝાલીઓરે, માહારા કરમનો દોષ ન દેતરે. મા૦ સાસરૂ જોવાના રહ્યા ઓરતારે. સ્વામી ઘુંઘટ તાણવાના રહ્યા કોડરે; સ્વામી. તમે ચંપીને હું તો કેતકીરે, માહારી ભલી બની હતી જોડરે માહારી૦ પેહેરી ઓઢીને ફરત સાસરેરે, તે સઉ વિચાર અમારા થયા ભંગરે; તે નથી છુટ્યાં હાથનાં મીંઢળરે, નથી ઉતરયો પાનેતરનો રંગરે. નથી૦

રાણીએ વીલાપ કરીને કહ્યું કે—

રાગ પરજની દેશી. પીઉ શું થાશેરે થાશે, માહારી રૂ જની તે કેઈ પેર જાશે; પીઉ શું થાશેરે થાશે. એ ટેક. તમે મુકી ચાલ્યા વનવાસરે, સ્વામી કોઈની નથી માહારે આશરે; હું તો થઈને બેઠી છું નીરાશ, પી૦ સ્વામી દીસાછો નાનેરા બાળરે, સાથે નથી કોઈ રખવાળરે; તમારી કોણ લેશે સંભાળ, પી૦ તમે હઠ કરી નવ જાશોરે, તમે ભાવતાં ભોજન કયાં પાશોરે; સ્વામી દુખીયા ઘણા તમે થાશો, પી૦ સ્વામી હજુ છો બાળે વેશરે; તમે રખે જતા પરદેશરે, માહારૂ કહ્યું માનો લવલેશ પી૦ માહારી સગી નાણંદના વીરરે, માહારે નયણે વહે છે નીરરે; મુને નથી રેહેતી હવે ધીર, પી૦ માહારી ભલી બનાતી જોડીરે, દેવે કોપ કરી એમ તોડીરે; તમે શીદ નાંખો તરછોડી, પી૦ પ્રાણનાથ પાછા તમે આવોરે, માહારા ઉપર દયા તમે લાવોરે; સ્વામી અબળાના પ્રાણ બચાવો, પી૦ માહારૂ ગોરૂ ગુલાબશું અંગરે, ફીકુ પડી પીળો પડયો રંગરે; માહારા હરખ થયા સઉ ભંગ, પી૦ મેં તો જાણ્યું જડયું જે રતનરે, તેને રાખીશ કરી જતનરે; સ્વામી શીદને છોડોછો વતન, પી૦ માહારૂ રતન તે રજમાં રોળાયું, માહારૂ પાપે કરમ ભોળાયુંરે માહારૂં કોમળ કાળજ છોળાયું, પી૦ વીધાત્રાને માહારે દવેશરે, તેથી લખીયાતા આવા લેખરે; વે

હેરે આવે તે માગી આ સેજ, પી૦ વીજોગ બાળુ મુને ઘણાં લાગેરે, માહારૂં અંતર બાહે લાગેરે; તેના ઓલવું કેની આસેરે, પી૦ સાથી હું છું નાનેરૂ બાળરે, તમ વીના આવી પોહોચ્યે કાળરે; માહારી બાળુ લેશે સંભાળ, પી૦ હજુ સોળ વરસ નથી થયારે, મનના મનોરથ મનમાં રહ્યારે; નાહાની વયમાં મુકી મને ગયા, પી૦ અપવાસ કર્યા રાત જાગ્યુંરે, ઉમીયા જીને પાયે લાગુંરે; કુંવારે વરત કર્યા વર માગ્યું, પી૦ તમે પાછા વળો ઘેર આજરે, માહારૂં કહ્યું માનો માહારાજરે; આપું માહારા બાપનું રાજ, પી૦ જાઓ કેહેતામાં જીવડો જાયરે, તમ વીના તે કેમ રેહેવાયરે; વીજોગ દુખ તે કેમ સેહેવાય, પી૦ હજી હાથનાં મીંઢળ નથી છુટ્યાંરે, માહારા પાયે ઝાંઝર ફુટ્યાંરે; રોઇ નેણનાં નીરજ ખુટ્યાં. પી૦ એમ રાણી રૂદન કરેછેરે, નયણે નીરની ધારા ઝરેછેરે; મારૂ આગળ પગ ધરેછેરે. પી૦ મને સાસરે આવ્યાના કોડરે, નથી હોંશી માડામાડરે; સંપા કેતકીની બનતી જોડ. પી૦ મને સાસુ જોયાની અંતરે, મને પાયે પડ્યાની ખંતરે; કહ્યું માનો માહારા ગુણવંત. પી૦ મારૂએ કહ્યું કે—

દુહો.—કકાસ મુંકોરે તમો કામની, કાંઇ ધીરજ રાખજો મંતરે; કાંઇ૦ શુકન ભલેરા આમને આપીએરે, અમે પાવએ આમરે પરારે. અમે૦

હવે રોવાનું કામ નથી ધીરજ રાખીને રહો; રાજાની હઠ જોઈ રાણીએ શુકન આપવા માંડ્યા.

દુહો—ડાબા બોલ્યા જોને તેતર બોલેરે, રાજ આંહી ઉતરે ગંભારરે; રાજા૦ એવે શુકને તમે ચાલશોરે, તમને ધાનક મોહના ધારેરે. તમને૦ આટો કુટોને રાજા ઘા ઘડારે, કાંઇ છુટે કેશ નારરે; કાંઇ૦ એવે શુકને તમે ચાલશો તો રાજ નહી દેખો ઘર બારરે. રાજા૦

તમે જશો તો માહાવીખન નડશે માટે એ કહ્યું કે રાણી અપશુકન બોલ્યા કરતાં સારા શુકન આપો, રાણી સારા શુકન આપેછે.

ઢુઆ—ડાબાં બોલેરે રાજા દેવચરે, કાંઈ જમણી બેરવ હોયરે; કાંઈ૦ એવે શુકને તમે ચાલશોરે, તમને વેહેગી ન મળશે કોયરે. તમને૦ કોરે ઘડે કુંવારકારે, તેને બાજે અબોલું જળ ભરરે; તેને૦ એવે શુકને તમે ચાલશોરે તમને મળશે ફુલાદે નારરે. તમને૦ અખંડ સૌભાગ્યવંતી માળણીરે, કાંઈ છાબ ભરેલા હારરે; કાંઈ૦ એવે શુકન તમે ચાલશો તો તમને મળશે સુખડદે નારરે. તમને૦ વર કન્યા પરણીને આવતાંરે, સામા મળે નાથાજીવા સારરે; સામા૦ એવે શુકને તમે ચાલશોરે, તમને મળશે દેવળદે નારરે. તમને૦ દેવ સકળ શુભ જોગણીરે, કાંઈ માત પીતા કહેવાયરે; કાંઈ૦ રક્ષા કરેરે રાજા તમ તણીરે, રાણી કહે સુણો મારા રાયરે. રાણી૦ ચોરે ચઉટેરે રાન ચાવડારે, જ્યાં મડદાં બળે મશાણરે; જ્યાં૦ ત્યાં રક્ષા કરે મુજ ચાવડારે સફળ હજો તમારૂ કલ્યાણરે. સફળ૦ શેહેર વાડાને રાય રણ વીબેરે, જ્યાં પરવતને હોય પાહાડરે; જ્યા૦ હુરે આરાધુ માહારી માતડીરે. તેતો આવીને પૂરે લાડરે. તેતો૦ પશુ પંખી દેહીન માનવીરે. કાંઈ નર નારીને રાયરે; કાંઈ૦ એવશ થાશે રાજા તમ તણરે, કાંઈ ગુરૂ છે અંબા માયરે. કાંઈ૦ પર મુલક પરદેશડેરે, કાંઈ પર ધરતી પરવાસરે; કાંઈ૦ જગદીશ્વર માહાદેવ તાહારી સાહમાંરે, કાંઈ પુરી કરે સહુ આશરે; કાંઈ૦ ચાલો કેહેતામાં રાજા ચમકીઆરે, કાંઈ પૂંઠ ઘટે જીવ જાયરે. કાંઈ૦ નયણાં માહારાંમાંથી નીર વહેરે, કાંઈ કાળજ કટકા થાયરે; કાંઈ૦ હામ પડે ધરતી ગામડેરે, કાંઈ એવું માહારે છે દુખરે; કાંઈ૦ જ્યારે રાજા તમને દેખશુંરે, ત્યારે તો થાશે સુખરે. ત્યારે૦ નર નીના નારી

એકલીરે, તેનો પગલે પગલે વાંકરે; તેનો૦ દીસે દીન મુને ખાહામણીરે, હુતો કોડ ભરી કલંકરે. હુતો૦ રાણી કહે રાજા સંચરોરે, કાંઇ ચલાવો ચતુર તોખારરે. કાંઇ૦ કેહેતાં શુકન જોઈ ચાલીયારે, ગજરો માર તેણે ઠારરે. ગજ૦

રાણીએ [redacted] આપી એટલે રાજા પોતે શુકન જોઇને ચાલ્યા. જ્યાં રાજા ગયા કે રાણી માહા રૂદન કરેછે હે દાસી રાજા વીના માહારા પ્રાણ રેહેનાર નથી માટે રાજાની સાથે જવાય તો ઠીક. રાણીનું આ કેહેવુ સાંભળીને એક દાસી બોલી કે આપણી એક દાસી પાસે અતીતની આપેલી એક જડી બુટી હતી તેમાં એવો ગુણ હતો કે માણસ મોહોમાં રાખીને જે જનાવરનું રૂપ લેવા ચાહાય તે રૂપ થઇ જાય. રાણીએ તે જડી લઈ મોમાં નાખીને પોતે ભમરી થઇને રાજાની પાછળ ગઇ અને રાજાના પેંગડામાં ભરાઇ ગઇ હવે જંગમમાં ઘાણી ઝડપથી રાજા જાય છે એટલે રાણી પેંગડામાંથી બોલી.

દુહો—હળવે રેવંત રાજા ખેલાવોરે, કાંઇ કાળજ કકડા થાયરે; કાંઈ૦ સવા ગજનું છે રાજા નેળી રે, માહારૂ ડાબેરૂ અંગ દબાયરે. માહારૂ૦

ઘોડાને ધીમે ચલાવો. આ અવાજ મારૂને કાને આવ્યો એટલે ઘોડો ઉભો રાખીને ચારે તરફ જોવા માંડયું પણ કોઇને દીઠું નહી એટલે મન વાળયું કે એતો રાણીના ભણકારા વાગતા હશે એમ ધારી આગળ ચાલ્યા. એટલે ફરીને રાણી બોલી.

દુહો—ધમાવતીના દીકરારે, માહારી સગી નણંદના વીરરે; માહારી૦ હળવે રેવંત તમે હાંકજોરે, માહારૂ સોસઇ જાય શરીરરે. માહારૂ૦

રાજા તરત ઉભા રહીને તલવાર એંચીને કહયું કે જે હોય તે માહારા સામે આવો નહી તો હું બાળીને પલે

કરીશ. એટલે રાણી પોતાનું સ્વરૂપ બદલીને રાજાના સા મે આવીને ઉભી રહી એટલે રાજાએ કહ્યું કે તમે માહારો કેડો નહી મુકો તો હું માહારી મેળે આપઘાત કરીશ રાજાને રીસમાં જોઈ રાણીએ કહ્યું કે તમારી મરજી નથી તો હું નહી આવું. એમ કહી એક મેદાનમાં વાઘ અને માહાદેવ હતા ત્યાં એક વડ રોપ્યો તે રોપતાંજ મોહોટો ગંભીર થઈ રહ્યો. પછી રાણીએ કહ્યું કે તમારે જવું હોય ત્યાં જાઓ હું તો અહીંયાંજ રહીશ તે તમે જ્યારે તેડવા આવશો ત્યારેજ આવીશ એમ કહી રજા આપીને રાજા ગયા એટલે રાણીએ પાછું વડ ઉપર રૂદન કરવા માંડયું

દુહો—હુ રે મરજી હોત વાદળીરે, કાંઇ છાયા કરતા રેહેતરે; કાંઇ૦ હુ રે સરજી હોત હંસલારે, કાંઈ શુકન ભલેરા હોતરે કાંઇ૦ બન્ને પાને વડલો રોપીઓરે, વડ તો થઈ રહ્યો ઘોર ગંભીરરે; વડ૦ દામાવંતીના દીકરારે, મુકી ચાલ્યા નાણંદ કેરા વીરરે. મુકી૦ શરવારે સાદની તું કોયલીરે, કાંઈ મધુર મધુર માં બોલરે; કાંઇ૦ વીયોગ બાણ મુને વાગેછેરે, માહરૂ કાળજ સીદને તું છોલરે. માહા૦ તુજથી આંબા વત ઢુંકડારે, ભુંડી મુજથી મારૂ જાય દુરરે; ભુંડી૦ રૂદન જોઇ રાણી તણુંરે, કાંઈ વડલો થયો ચકચુરરે. કાંઇ૦ રાણી રૂવે ધરૂશકેરે, તેથી તુટી પડે છે ડાગરે; તેથી૦ વીલાપ સુણીને થાકયાં વનચરારે, કાંઈ પડીયલ હર્ઈવામાં ફાળરે. કાંઈ૦ આંસુડે ભીજાય રાણીનો કંચુવોરે, કાંઇ ભીજ્યાં છે નવરંગ ચીરરે; કાંઇ૦ રૂદન કરતા રાણી જોઇનેરે, કાંઇ થંભીવાં સરીતાનાં નીરરે, કાંઇ૦

રાણીનું રૂદન સાંભળીને નદીનાં નીર પણ થંભી રહ્યાં છેવટ રાણીએ મન વાળયું. ગજરામારૂ એડ એડ કરતા જાય છે આગળ રાયારૂપનું શેહેર આવ્યું તે શેહેરની બાહાર સુકાઈ ગએલો બાગ હતો તેમાં જઇ ને ઊભા રહ્યા

એટલે બાગ લીલા છમ થઇ ગયો અને ફુલના છોડને ફુલ આવ્યાં. રાજા ઝાડ સાથે ઘોડો બાંધીને ઝાડ નીચે સુતા એટલે ઊંઘ આવી ગઈ. એટલામાં એજ ગામના ઢેડ તથા વાઘરી હમેશ લાકડાં વીણવા આવતા હતા તેઓ આવીને જુવે છે તો બાગ બહુ શોભી રહ્યો છે અં દર આવીને જોયું તો એક ઘોડો અને પુરૂષ દીઠા તે જો ઇને બાગની માલેક માળણ હતી તેની પાસે જઇને કહ્યું કે તાહારો બાગ લીલો છમ થઇ ગયો છે, અને કોઈ મો- હોટો પૂરૂષ બાગમાં સુતો છે. માળણ કહે કે તમને લાક ડાં નહી મળ્યાં હોય માટે તમે એમ કહોછો પેલા માણ- સોએ સમ ખાધા એટલે માળણ બાગમાં આવી પછી પા તે એમનાં પગલાંથી આ ઝાડ લીલાં થયાં છે એવુ ધા- રીને ફુલ ચુંટી હાર ગજરા બનાવી રાજાને આપવા જા યછે એટલે ઘોડે ખું ખારો કરયો તેથી રાજા જાગી ઉઠયા અને માળણ ઉભી રહી. તેને માહરૂએ પાંચ મોહોરો આ પી. માળણ મોહોરો જોઇ રાજી થઈ અને જાણ્યુ કે આ કોઇ રાજા છે એમ ધારી માળણ રાજાને પૂછે છે.

દુહો-કોયારે મુલકના તમે રાજવીરે, રાજા કીયાં તમારાં ગામરે; રાજા૦ નહાની વયમાં તમે નીસરયારે, એવું શુંરે પડયું છે કામરે. એવુ૦ તેજ ન મળે ત્રણ લોકમાંરે, રાજા હજુએ છો બાળે વેશરે; રાજા૦ શારે દુખે તમે આવી- યારે. તમે કેમ વેઠો પરદેશરે. તમે૦ નોકર ચાકર નથી સા થમાંરે, કાંઇ એકલા આવ્યા છો આપરે; કાંઇ૦ સાચુ બોલો માહારા સાહબારે, તમને મુજ મારયાનું પાપરે તમને૦

હે રાજાજી નાહાની વયમાં રાજ પાટ તજીને એકલા શા દુઃખે પરદેશ વેઠો છો. માહરૂ કહે છે-

દુહો—નથી અમે કાંઈ રાજવીરે, બેહેન નથી કરતાં અમે રાજરે; બેહેન૦ પ્રથવી પ્રદક્ષણા કારણેરે, કાંઇ આવ્યો

મુલક જોવા કાજરે. કાંઇ૦ નામ ઠામ ત્યાં બતાવીએરે, જ્યાં બન્યું હોય વીતાનું કામરે. જ્યાં૦ આ શેહેર શાંમંતુ આમ જોઇનેરે. પછી જઇશું પોતાને ગામરે. પછી૦

કે બેહેન હું રાજા નથી, મુલક જોવા નીસર્યો છું, આ મારૂ શેહેર જોઇને અહીંયાં આવ્યો છું. દસ પંદર દાહાડા રેહેવાનો વિચારછે પછી પોતાને ગામ જઇશું. માળણ ગાંડુને પોતાને ઘેર તેડી લાવી અને જમાડ્યા પછી મારૂ કહે કે હું આ શેહેરના રાજા પાસે જઉછું જો મને નોકર રાખશે તો અહીંજ રહીશ. એમ કહીને કચેરીમાં આવીને રાચરૂપના સામો ઉભો રહ્યો. કુંવરનું તેજ જોઇને રાજાએ વિચાર કર્યો કે આ કોઇ મોટા રાજાનો કુંવર છે એવું ધારીને પુછે છે.

દુહો- કીયા મુલકના તમે રાજવીરે, વળી શું છે તમારૂં નામરે; વળી૦ શારે કારણ પરદેશ નીકળ્યારે, એવું શું રે પ- ડ્યું છે કામરે. એવું૦ કોના કુંએ તમે કુંવારે, હજુ દીસો છો બાળેવેશરે; હજુ૦ રાજ તેજ કંઇ તગતગેરે, કેમ છોડ્યો પોતાનો દેશરે. કેમ૦

રાજાનાં વચન સાંભળીને મારૂ કહે કે નામ ઠામ તો માહારે બતાવવું નહી.

દુહો અમે નથી રાજા રાજવીરે, કાંઇ છેટે છે માહારૂ ગામરે; કાં૦ આવ્યો છું પરદેશમારે, રાજા ચાકર રેહેવાનું કામરે. રાજા૦ નામ માહારૂં નથી પાડારે, મ ને ઠાકોર કહે છે સહુ લોકરે; મને૦ હેતે કરીને મને રાખશોરે, હુંતો તેની હજુરમાં રહુંરે. હુંતો૦ ૧૦૦

હું રાજકુંવર નથી માહારૂ ગામ પણ ઘણું દુર છે હું ત્યાં રસીશ માહારૂ નામ હજી પાડ્યું નથી સઉ મને ઠાકોર કહે છે એવું સાભળી રાજા ખુશી થયાં અને કહ્યું કે તમે શો પગાર લેશો મારૂ કહે દર મહીને સવા લાખ

ફ્રીઆ સેઈશુ રાજા સવા લાખની રકમ સાંભળીને ભ
ડક્યાં અને વિચાર કરયો કે માહારા આખા લશકરનો પ
ગાર સવા લાખનો નથી ને આ એક માણસને એટલી બ
ધી રકમ કેમ અપાય એવું ધારીને પ્રધાનને પોતાની ના
ખુશી બતાવી પ્રધાને કહ્યું કે જો હવે તમે આશા ભંગ
કરશો અને બીજો કોઈ નાહાનો રાજા રાખશે તો આપ-
ણી આબરૂ જશે અને એનામાં સવા લાખના જેટલો કુ
સ હશે તેજ તે તેટલા માગતો હશે માટે ગમે તો એક
મહીનો રાખીને રજા આપજો પછી રાજાએ હા કહી ત્યારે
મારૂએ કહ્યું કે હું સવા પોહોર દાહડો નોકરી ઉપર આ.
વીશ અને સાંજરે ઘેર જઈશ. તમને કદી સલામ કરીશ ન
હી માહારે કોઈને નમવાનો નિયમ છે. રાજા કહે માહારી
સાથે રોજ એક બાજી રમશો એટલે બસ છે, મોહોટા પ
ગારનું માણસ કાંઈ વઈતરૂં કરતુ નથી; એમ કહી મારૂ
ને બાહાલ કરયો પછી મારૂ માળણને ઘેર આવ્યા અને
કહ્યું કે હું નોકરીમાં બાહાલ થયો એમ કરતાં મહીનો
તો થવા આવ્યો એટલે રાજા વીચારમાં પડયા અને પ્રધા
નને પૂછવા લાગયા કે હવે શું કરીશુ. પ્રધાને કહ્યું કે બા
રમે દરવાજે રાક્ષસ આવે છે અને રોજ એક માણસ લે
ઈ જાય છે માટે મારૂને ચોકી ઉપર મુકો એટલે રાક્ષસ
મારી નાંખસે પછી આપણે રજા આપવી નહી પડે રાજા
એ મારૂને કહ્યું કે રાતે બારમે દરવાજે પેરા ઉપર જજો
મારૂ કરે સારૂ સાંજ પડી એટલે માળણને ત્યાં આવી મા
રૂએ પેરા ઉપર જવાનું કહ્યું તે સાંભળી માળણ દીલગી
ર થઈ અને મારૂને કેહેવા લાગી કે ભાઈ એ દરવાજે રો-
જ રાક્ષસ આવી એક માણસને લઈ જાય છે તે માટે આ
જ તમારે માથે પણ ઘાત આવી છે મારૂ કહે હું રાક્ષસ-
થી બીતો નથી. પોતે હથીઆર સજીને પોતાના ઘોડાને

ખુબ રાતરે દરવાજા ઉપર આવી શીવનું ધીયાન ધરવા લા-ગ્યો કે હે માહાદેવ તાહારા હાથમાં બચવાનું છે એમ કહી તરવાર ઉપાડી કરી કમાડ ઓઠે ઉભો રહયો. મધરાત જ તાં રાક્ષસ આવ્યો અને દરવાજા સામું જોતાં બારી ઉઘા ડી દેખીને ખુશી થયો કે આજે બારી ભાગવાની પંચાત પડશે નહી એમ કહી બારીમાં માથુ ઘાલ્યું કે તરત મા-રૂએ ઝડપથી ઘાવ મારયો કે રાક્ષસનું ધડ અને માથુ જુદુ થયું એટલે તેના નાક અને કાન કાપી લઈને મારૂ પો તે મકાન ઉપર આવ્યો. રાજાને ખબર થઇ કે મારૂએ રા ક્ષસ મારયો. રાજા અને પ્રધાન બહુ ખુસી થયા અને તે ઓ મારૂને દેવતા માનવા લાગ્યા મારૂએ આવી રાજાને નીશાની બતાવી એટલે રાજાએ ઈનામ આપ્યું. ઘણા દી-વશ થયા પછી ચંપાવતી નગરીના રાજાની કુંવરી ફુલાંદે માહા રૂપવંતીછે તેણે મારૂની કીરતી સાંભળી તેથી તેના સાથે પરવાનો વિચાર કરી બરાહમણને બોલાવ્યો અને કા ગળ આપીને વીવાહ કરવા મોકલ્યો. બરાહમણ કાગળ લે ઈને દામાવંતીની પાસે ગયો ત્યારે દામાવંતી કહે કે માહા રો કુંવર તો દેશવટે ગયો છે, એવું સાંભળી બરાહમણ રાયારૂપના મુલકમાં આવ્યો અને વિચારયું કે ફુલાંદે મારૂ ને ઓળખતી નથી માટે એને બદલે રાયારૂપને પરણાવું તો ઠીક. એમ ધારી તે શેહેરમાં આવ્યો અને કહયું કે મા-હારાજ હું ચંપાવતી નગરીમાંથી વેવીશાળ કરવા આવ્યો છું રાજાએ વિચારયું કે હવે આપણે પરણવા છાના જવું પડશે કેમકે જો ઠાકોર સાથે હશે તો માહારો શીકાર મુકશે એ લેઈ જશે માટે બરાહમણને બાહાર બેસારી રાજા અ ને પ્રધાન એકાંતે બરાહમણને સરવે હકીકત પૂછેછે. બરા હમણે કહયું કે માહારાજ મને માંડવગઢમાં ગજરા મારૂની સાથે વીવાહ કરવા સારૂ મોકલ્યો હતો પણ તેતો દેશવટે

ગયો છે અને કુંવરીએ ગજરામારૂને કદી જોયો નથી મા
ટે તમે તેના નામથી આવો તો તમારૂ કામ થ.થ. રાજા
એ કહ્યું કે ભાગ તો મારો છે પછી બરાહમણને ઘણું ધ
ન આપી વીદાય કીધો તેણે ચંપાવતી નગરીમાં આવાને
વીવાહ કરવાની વધાઇ આપી તે સાંભળી રાઉ ખુશી થયા
બરાહમણને પણ બક્ષીશ આપી ખુશી કરેયો અને લગન
ની તઇયારી કરવા માંડી. અહીંયાં રાજાએ પ્રધાનને કહ્યું
કે તમે પાછળથી ઠાકોરને શેહેર સાચવવાવું સોંપીને આવ
જો એમ કહી ભાવ લશકર સાથે રાજા તો રસ્તે ચડયા જી
જે દીવશે ઠાકોર કચેરીમાં આવ્યા પણ ત્યાં તો સુનું સઠ
દીઠું. પ્રધાનને પૂછતાં જવાબ મળ્યો કે રાજા પરણવા ગ
યાછે. હું પણ જવાનો છું અને તમને શેહેર સાચવવાનું
કહી ગયા છે એવું સાંભળી ઠાકોરને દુખ લાગ્યું પણ નો
કર રહ્યા માટે હુકમ માનવો, એમ ધારીને પોતે શેહેર
સાચવવા રહ્યા થોડાક દાહાડામાં જાન આવી પોહાચ્યાની
ખબર થઇ એટલે, રાણીએ તેમને ઉતારો આપ્યો ને તેમ
ની ચતુરાઇની પરીક્ષા કરવા માંડી. રાણીએ સાત રંગના
પડદા બંધાવી રાજાને કેહેવરાવ્યું કે તે પડદા છોડવા ત
મે આવો. તમે છોડશો તો હું તમને પરણીશ. રાજાને
બહુ વીમાસણ થઇ. પડદાની વાત પોતે જાણતા નથી એ
ટલે પાછા કાહાડશે તો ઇજત જશે. અહીંયાં ગજરા મારૂ
શેહેરમાં ચમન કરેછે થોડા દાહાડા ગયા પછી શેહેરની ખુ
બી ખુશાલીના સમાચાર રાજાને લખી મોકલ્યા અને પા
છળથી પોતે ફકીરનો વેશ લઇને રાજાની ચરચા જોવા સા
રૂ પોતે પોતાના પવનવેગ ઘોડા ઊપર સ્વાર થઇ આકાશ
મારગે ઊડાડયો તે એક ઘડીમાં ફુલાંદેનાં નગરમાં ઊડી
આવ્યો ને એક મસીદમાં ઉતરયો. અહીંયાં રાજાનાં મા-
ણસો પડદા છોડી શકે એવા હુંશીયાર માણસને સોધતા

કરે છે તેમણે મુંબાહદર પારોને મારૂને કહ્યું કે ફકીર સાહે-
હેબ તમને સાત રંગના પડદા છોડતાં આવડે છે તેણે જ
વાબ દીધો કે "હું જ મારેક તો છોડીશ" એટલે સીપાઈઓ
એ કહ્યું કે તમે અમારા રાજા પાસે પધારો ફકીર કહે
અમારૂ રાજાને શું કામ છે સીપાઈએ કહ્યું કે અમારા રા
જા આ શેહેરમાં પરણવા સારૂ આવ્યા છે પણ કુંવરી
એ પડદા બંધાવ્યા છે ને તે પડદા છોડવાની રાજામાં શ
ક્તી નથી માટે તમારૂ કામ છે. એવું સાંભળી મારૂને ખા
ત્રી થઈ કે રાજા હજી પરણ્યા નથી જો મને સાથે લઈ આ
વ્યા હોતતો ક્યારનું કામ થયું હોત પણ એમણે આપ
ણાથી છાનું રાખ્યું તો તેનું ફળ તેને મળ્યું પણ હવે આ
પણે રાજાનું નીમક ખાધું છે માટે તેમનું કામ તો કરવું
જોઈએ એવું ધારી કહે 'ભાઈ તમે પરણવાનાં લુગડાં લ
ઈ આવો હું તે પેહેરીને પડદા છોડી આવું પછી તે લુ
ગડાં પેહેરીને રાજા પરણવા જશે તો રાણીને કાંઈ અંદે
સો આવશે નહી. સીપાઈઓ ખુસી થતા રાજાની પાસે
આવ્યા અને બધી વાત કહી તેથી રાજા પણ ખુસી થયા
અને પરણવાનો પોશાક તે ફકીર પાસે મોકલી દીધો. ફ
કીરે સીપાઈઓ સાથે રાણીને કેહેવાડાવ્યું કે સાંજરે પડદા
છોડવા સારૂ અમારા રાજાજી આવવાના છે તેથી
રાણી પણ પોતે સોળે શણગાર સજીને રાજાની વાટ જો
તી બેઠી છે. હવે ફકીરના વેશથી આવેલા મારૂજી રાજાનાં
વસ્ત્ર અલંકાર સજીને પોતાના રેવંત ઉપર સ્વાર થતા એ
ટલે દેવાંશી જેવા દેખાવા લાગ્યા તેમને જોઈને ઘણીક સ
તીઓનાં મન વીહ્વળ થઈ તેમનાં સત ચુકવા લાગ્યા મારૂ
જી પોતાના રેવંતને નચાવતા નચાવતા રાણીના મેહેલ ત
રફ આવ્યા તેમને જોતાંજ રાણી મોહીત થઈ ગયાં અને
એક બીજાની નજર એક થતાં ઘોડો તજવીને રાણીના મે

હેલમાં દાખલ થયો. દાસીઓએ ઘોડાને ઝાલી બાંધ્યો રાણી પોતે પડદામા ગયાં મારૂ બાહાર બેઠા છે ને રાણી સાત રંગના પડદા વીસે પૂછેછે ને મારૂ તેના જવાબ આપે છે એટલે દાસી પડદા છોડે છે.

દુહો—પડદે આવ્યા માહારા વાલમારે, તમે કેહુંને પડદા કેશા રીતરે; તમે૦ ધોળો પડદો કહી દાખવોરે, વર ઝાળા આરોપુ આણી પ્રીતરે. વર૦ ૧૭૧ ધોળો વનમાં રાણી ધન ચરેરે, કાંઇ ધોળો તે વન કપાસરે; કાંઇ૦ ધોળી પૂરૂષ માથે પાઘડીરે, એતો સોભ તી બારે માસરે. એતો૦ ૧૭૨ ભલો કહયોને ભલો પાડ્યોરે, કાંઇ ભલો ભ જાણ્યો રંગરે; કાંઇ૦ પીળો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે. તમને૦ ૧૭૩ ધોળો પડદો પાડ્યો કેરે, રાણી પીળાની સુણજો રીતરે; રાણી૦ ઘડી એકમાં કહી દાખવુરે, પરણી લેઇ જઇશું પ્રીતરે. પરણી૦ ૧૭૪ પીળો રાણી વનમાં પોપટોરે, કાંઇ પીળી ચણાની દાળરે; પીળો ગોરાદેનો કંચુવોરે, કસી કસી પેહેર આણી વાહાલરે કસી૦ ૧૭૫ ભલો કહયોને ભલો પાડ્યોરે. કાંઇ ભલો ભ જાણ્યો રંગરે: કાંઇ૦ રાતો પડદો કહી દાખવોરે, તમને પોઢાડું સેજ પલંગરે. તમને૦ ૧૭૬ પીળો પડદો પાડ્યો કેરે, રાણી રાતાની સુણજો રીતરે; રાણી૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઇ જઇશું પ્રીતરે. પરણી૦ ૧૭૭ રાતી તે વનમાં ચણોઠડીરે, રાણી રાતો કસુંબો મજીઠરે; રાણી૦ રાતો ગોરાદેનો ચુડલોરે, બારે માસ પેરંતો દીઠરે. બારે૦ ૧૭૮ ભલો કહયોને ભલો પાડ્યોરે, રાજા ભલો ભ જાણ્યો રંગરે; રાજા૦ કાળો પડદો કહી દાખવોરે, તમને પોઢાડુ સેજ પલંગરે, તમને૦ ૧૭ રાતો પડદો પાડ્યો કેરે, રાણી કાળાની સુણજો રીતરે; રાણી૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઇ જઇશુ પ્રીતરે. પરણી૦ ૧૮૦

કાળો તે રાણી વનમાં ડોસીયોરે, કાંઇ તેથી કાળેરો કાગરે;
કાંઇ૦ કાળો ગોરાદેનો ચોટલોરે, જાણે શાભ'ના વસીયન
નાગરે, જાણે૦ ૧૮૧ ભલે કહ્યાને ભલે પાડ્યોરે, રાજા
ભલો ભજાવ્યો રંગરે; રાજા૦ બીજો પડદો કહી દાખવો
રે, તમને પોઢાડું સેજ પલંગરે. તમને૦ ૧૮૨ કાળો પડદો
પાછો કરોરે, તમે સુણજો બીજા કેરી રીતરે; તમે૦ ઘડી
એકમાં કહી દાખવુંરે, પરણી લઇ જઇશું ખચીતરે. પર
ણી૦ ૧૮૩ બીજો તે વનમાં વાઘોળીઓરે, રાણી બીજો
તે જવનો છોડરે; રાણી૦ બીજો ગોરાદેનો ચાગુડોરે, કાંઇ
ઓટતાં પોહોચે કોડરે. કાંઇ૦ ૧૮૪ ભલે કહ્યાને ભલે
પાડ્યોરે, રાજા ભલો ભજાવ્યો રંગરે; રાજા૦ કાબરો પ
ડદો કહી દાખવોરે, તમને પોઢાડું સેજ પલંગરે. તમને૦
૧૮૫ બીજો પડદો પાછો કરોરે, તમે સુણજો કાબરા કેરી
રીતરે; તમે૦ ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઇ જ
ઇશું ખચીતરે. પરણી૦ ૧૮૬ કાબરા રબારી ઘેર ઘેટડાંરે,
રાણી કાબરી ભાવસાર ઘેર ભાતરે; રાણી૦ કાબરી મોરા
હેની આંખડીરે, તેતો આંજતા માઝમ રાતરે. તેતો૦ ૧૮૭
ભલે કહ્યાને ભલે પાડ્યોરે, રાજા ભલો ભજાવ્યો રંગરે;
રાજા૦ ફરતો પડદો કહી દાખવોરે, તમને પોઢાડું સેજ પલં
ગરે. તમને૦ ૧૮૮ કાબરો પડદો પાછો કરોરે, રાણી ફર-
તાની સુણજો રીતરે; રાણી૦ ઘડી એકમાં કહી દાખવુંરે;
રાણી પરણી જાઉં ખચીતરે. રાણી૦ ૧૮૯ ફરતો ઘાંચી
ઘેર બળદીઓરે, રાણી ફરતો કુંભાર ઘેર ચાકરે; રાણી૦
ફરતો ગોરાદેનો રેંટીઓરે, જેની સોનાવરણી ત્રાકરે. જે
ની૦ ૧૯૦ સાત છોયાને હજુ છોડ્યુંરે, રાણી પૂછો તે
કેઉ જવાબરે; રાણી૦ રાજા હઇયામાં રખે ઓરતારે, આણ
દીઠે પુછો તે કહુંરે. આણ૦ ૧૯૧ રૂપ જોઇને હરખું સાહ
બારે, કથન સુણી રાગં મોહ બાણુંરે; કથન૦ પેસા ભવ-

ના પૂન્યે પામીએરે, સ્વામી મકરદ વિદા ગુણ જાણુરે. સ્વામી૦ પડદા છોડ્યા માહારા વાહલારે, હવે રેહેતી નથી મને ધીરરે. હવે૦ વરમાળ આરોપૂ હેતશુરે, કરી પાપૂ નણંદ હેરા વીરરે. કરી૦ ૧૯૩ ભલા કહ્યાને ભલા સાંભળ્યારે, રાજા ભણે. ભજાવીયો રંગરે; રાજા૦ ગદબદ પડદા કહી દાખવોરે, તમને પોહાડુ સેજ પલંગરે. તમને૦ ૧૯૪

ફુલાદે કહે છે કે તમે પડદા છોડ્યા તેથી મને ઘણો હરખ થયો છે માટે હવે જલદીથી તમારી સાથે પરણવાનો એક નવો પડદો પુછ્યું તેનો મને જવાબ આપો એટલે માહારા સરવે મનોરથ સફળ થાય.

ફુલો—પડદા પાછા કરો કામનીરે, તમે આવી બેસો સનમૂખરે; તમે૦ ગદબેદ પડદો કહી દાખવુરે, પરણીને પમાડુ સુખરે. પરણી૦ ૧૯૫ અદ્ભૂદ ધીને આકરરે, રાણી ગદબદીઓ કંસારરે; રાણી૦ ગદબદ રાણીની ફુલ સેજડીરે, તેમાં પોહોડે ફુલદે નારરે. તેમાં૦ ૧૯૬

રાજા પદદા છોડી રહ્યા એટલે રાણીએ મારૂને રજા આપી તેથી માારૂ પોતાને ઉતારે પરણવાની તઈયારી કરવા સારૂ આવીયા પોતે પેહેરેલો પોશાક રાજાને આપીને કહ્યુ કે તમે તાબડતોબ પરણીને તમારે દેશ લેઈ જજો કદાચ આ પરપંચ રાણીના જાણવામાં આવશે તો પંચાત થશે, એવું કહીને મારૂ પોતે ઘોડા ઉપર સ્વાર થઈને રાયારૂપના શેહેરમાં પોતાની નોકરી ઉપર આવી પોહોચ્યા. રાજા પણ રાતરે પેલાં લુગડાં પેહેરીને રાણીને પરણી લાવ્યા અને સવારમાં પોતની રાજધાની તરફ જવા સારૂ નીકળી પડ્યા રાજાને આવવાની ખબર જાણીને મારૂજી છુટી સ્વારીએ ઘોડો ઘેરાવતા રાજાની સામે આવવા સારૂ નાસરેયા રસ્તામાં ઘોડે ઘણી મસ્તી કરવાથી મારૂનો અંબોડો છુટી ગયો તેમાંથી અતરની ખુશબો રાણી ફુલાદેના રથમાં આવી એટલે રા-

છીયે દાસીને પુછ્યું કે:--

દુહો--ઝટપટ પડદો દાસી ઓખાજોરે, મને મારૂ જોવાની ખાંતરે; મને૦ રાયારૂપ માહારો બંધવોરે, કાંઇ ગજરો મારૂ માહારો કંથરે. કાંઇ૦ રાયરૂપનો ચુડો ભાગીઓરે, ગજરા મારૂનો ચુડો હાથરે; ગજરા૦ હવે શેહેર એનામાં નહી સંચરૂરે, હું તો નહી જાઉ એની સાથરે. હું તો૦

અરે દાસી હું રાયારૂપનો ચુડો ભાગીને ગજરા મારૂના નામનો ચુડો ધારણ કર્યું હવે માહારે એના શેહેરમાં જવાનો નીયમ છે એવુંકહી પડદામાંથી ડોકુ બાહાર કાહાડી જોયું એટલે મારૂને દીઠો. મારૂ રાજાની પાસે આવ્યો રાયારૂપ મારૂને જોઇને ખુશી થયા અને શેહેરનાં દરવાજાની પાસે આવી પોહોચ્યા એટલે રાણીએ પોતાનો રથ દરવાજા બાહાર ઉભો રખાવ્યો પછી રાજાએ કારણ પૂછ્યું ત્યારે રાણીએ કહ્યુ કે માહારે બાર વરસ સુધી આ શેહેરમાં પેસવાનો નીયમ છે તેથી શેહેર બાહાર મેહેલ બંધાવી રાણીને રાખ્યાં. રાણીએ ત્યાં એક સરોવર ખોદાવ્યું તે એવા વીચારથી કે કોઇક દીવસ પણ મારૂ ઘોડો પાવાને અહીયાં આવશે. એમ કરતાં ઘણાક દહાડા વીતી ગયા પછી એક દીવસ મારૂ ઘોડો ખેલાવતા રાણીના મેહેલ તરફ ગયા ત્યાં સરોવર બંધું દીઠું એટલે ઘોડાને પાણી પાવા ગયા. રાણીએ ગજરા મારૂને આવતા દીઠા એટલે ઝરૂખે આવીને કહ્યું કે--

હે મારૂજી આ સરોવર કાંઇ તમારા ઘરડાએ બંધાવ્યું નથી કે તમે વગર પૂછે ગાછે ઘોડાને પાવા લેઇ આવો છો મારૂએ ઘોડાને ખેંચી રાખીને કહ્યુ કે--

અરે રાણી પાણીને વાસ્તે આટલાં લીલાં પીળાં કેમ થાઓછો માહારો ઘોડો તમારા પાણીમાં ઉતરયો તો તેને બદલે લ્યો આ કડુ મારૂ કડુ આપીને પાછો જાયછે એ

એટલે રાણી કહ્યું કે—

અરે માહારાજ તમ અહીંયાં પધારો પાછા જાઓ તો તમને માહારા સમ છે. રામની દુવાઇ છે મેં તમારે માટે તો બાર વરસનો નીયમ લીધો છે મારૂ ઘોડાને લઇને તે મેહેલમાં ગયો ત્યાં દાસીએ ઘોડો બાંધી લીધો અને મારૂને પલંગ ઉપર બેસાડીને વીવીધ પ્રકારના રસોઇ કરી મારૂને જમાડ્યા. ત્યાં હરખમાં આખી રાત જતી રહી અને સવાર થયું ત્યારે રાણીએ મારૂને કહ્યું કે તમે માળાજીના ઘરમાંથી સળંગ આવાવજો. મારૂ ત્યાંથી નીકળીને મકાન ઉપર આવ્યા અને માળાજીને બધી હકીકત કહી પોતે દરબારમાં ગયા અને રાતનો ઉજાગરો તેથી મોઢાં આવનાં હતાં અને આંખો પણ લાલ થઇ હતી માટે એક સીપાઇ મારૂને મશ્કરીથી પુછવા લાગ્યો કે—

દુહો—આજની આંખોરે ઠાકોર રાતીઓરે, કાંઇ ઉજાગ રાનું ઘેનરે; કાંઇ૦ કીયા મોહોલેરે રંગ માણ્યાઓરે; ઠાકોર જાગ્યા છો સારી રેનરે. ઠાકોર૦

આજે કેઇ માનીતીને મોહોલે ગયા હતા કે ઉજાગરો થયો છે. મારૂજીએ કહ્યું કે—

દુહો--અમે ગયાતા રાયની વાડીએરે, ભૂંડા સાથી મળ્યા દસ વીસરે; ભૂંડા૦ કેસર કસુંબા ત્યાં ઘોળીયારે, પ્રેમ પ્યાલાની મચી ગીસરે. પ્રેમ૦

અમે તો રાજાના બાગમાં ગયા હતા ત્યાં કેટલાએક સોબતીઓએ કસુંબો કાહાડ્યો તેની કેફ હજી ઉતરી નથી. સીપાઇએ કહ્યું કે--

દુહો--અમલની કેફો ઠાકોર ઘેરીઓરે, કાંઇ મારચાં સોરંગીનાં બાણરે; કાંઇ૦ નેણ બળેલ નારી નીરખ્યાનરે, શું સમજાવો ચતુર સુજાણરે. શું૦

મારૂજી માનો ન માનો પણ આખી રાત કોઇ નારી

સામે એક નજરે જોયાં કર્યું છે તેથી આંખો બળે છે. એટલું કેહેતામાં માફને શ્વાસ ચડી એટલે શીપાઈ દબાઈ ગયો, પછી માફએ ઘેર આવી રાણીના મેહેલ સુધી સુરંગ ખોદાવી આવ જાવ કરવા લાગ્યા. એમ કરતાં વરસ પૂરાં થવા આવ્યાં એટલે એક દાહાડો રાજા રાણીને મોહોલે પધારયા તે વખત માફ મેહેલમાં હતા તે રાજાને આવવાની ખબર જાણી ઉતાવળા સુરંગમાં ઉતરી પડ્યા પણ માથાની પાઘડી રહી ગઈ. રાજા મેહેલમાં આવીને રાણીની પાસે બેઠા અને કહ્યુ કે હવે શેહેરમાં આવવાને બે ચાર દાહાડા બાકી છે એમ વાત કરતાં રાજાની નજરે માફની પાઘડી ઉપર પડી એટલે રાણીને પુછ્યુ કે--

દુહો—રાજા કહે રાણી સાંભળોરે, કાંઈ પુછીને લઈએ પારરે; કાંઈ૦ સાચુ બોલોને તમે સતવંતીરે, રાણી કેટલા પૂરૂષ ઘેર નારરે. રાણી૦

રાજાએ કહ્યુ કે તમે કેટલા પૂરૂષની સ્ત્રી છો, રાણીએ ધારયુ કે રાજા પાઘડી જોઈ વેહેમમાં પડ્યા છે. પણ માહારે તો સાચે સાચુ કેહેવું જોઈએ; રાણીએ કહ્યુ કે—

દુહો--સાચુ કહુરે રાજા સતવંતરે, તમે સુંભળો સત્ર જો સારરે; તમે૦ પતીવરતા અમે પાળીએરે, કાંઈ ચાર પૂરૂષ ઘેર નારરે. કાંઈ૦

હે રાજા માહારે ચાર પુરૂષ છે પણ હું ખરેખરો પતીવરતા ધરમ પાળુછું. રાજાએ કહ્યું કે--

દુહો--પતીવરતા નારી એકનારે. તમે ચાર કહ્યા તે કેણરે; તમે૦ પર પૂરૂષ સાથે બોલતારે, પ્રથમ ગણે તે ભાઈ બેહેનરે. પ્રથમ૦

રાણી રાજાને ખુલાસો કરી સમજાવે છે.

દુહો—પલંગ માહારામાં રાજા પોઢતારે, તેમાં પ્રથમ પાયા નરે ચારરે; તેમાં૦ તેની વચમાં સુવુ માહરેરે, માટે

ગણી યા તે મેં આથરરે. મારે૦

રાજાએ ફરીથી પુછ્યુ કે તમે સાચી વાત કહો ત્યારે રાણી ફરીને કેહેછે—

દુહો—સાચુ કેહેતાંરે રાજા શક થશેરે, તમે સુંણીને પામજો પારરે; તમે૦ જીવતાં લગી એક બાંધીએરે, અમે તે પૂરૂષ ઘેર નારરે. અમે૦

હે રાજા હું આ પાઘડીવાળા પુરૂષની નાર છું. રાજાએ કહ્યું કે એ પાઘડી કોની છે; રાણીએ કહ કે તમારા નામની છે. અમે ત્યાર વરસ એ પાઘડીને જોઇ મન વાળયુ કે એજ રાજા બેઠા છે, રાજાએ પૂછ્યુ કે એ પાઘડી કોણે બાંધી આપી, રાણી કહે મેં માહારે હાથે બાંધી છે. રાજા કહે ત્યારે અમારા દેખતા ફરી બાંધે. રાણીએ કહ્યું કે પૂરૂષના દેખતાં સ્ત્રીથી પાઘડી ન બંધાય. રાજા પાઘડી માગીને પડદામાં ગયા એટલે રાણીએ સુરંગમાં બેઠેલા મારૂને આપી તેણે જેવી હતી તવી બાંધીને તૈયાર કરી એટલે રાણીએ રાજાને બોલાવ્યા. રાજા જોઇને વિચારમાં પડચા કે આ પાઘડીની બાંધણી ઠકોરના જેવી છે માટે ઠકોરને આપણી નોકરીમાંથી રજા આપવી એવું ધારીને પોતાને મેહેલ પધારચા. ઠકોર પણ સુરંગમાં થઇને માળણને ઘેર ગયા અને નોકરીની વખત દરબારમા હાજર થયા એટલે રાજાએ કહ્યુ કે ઠાકોર તમેત મારા પગાર ચુકાવી લેઇ ઘેર જાઓ; ઠાકોર પગારના રૂપીઆ લેઇ ઘેર આવ્યા અને માળણને કહ્યું કે બેહેન આ પઇશામાંથી માહારા નામનું સદાવરત ચલાવજો. હું માંડવગઢના જામ રાજાનો કુંવર ગજરો મારૂ છુ જો તાહારો રાજા જોરે જુલમથી આ પઇશા પડાવી લે તો મને કાગળ લખજો. એવુ કહી પોતે રાજા પાસે ગયો અને કહ્યુ કે માહારાજ મેં માહરો પઇશા માળણને ઘેર સોંપ્યો છે.

તે તમે સાચવજો, જો ફરી દાનત બગાડશો તો તમારી ખરાબી થશે કેમકે માહારૂ નામ ગજરો મારૂ છે એટલું કેહેતાંજ રાજાના મનમાં ધ્રાસકો પડયો કે મુકરર ફુલાદેને એ લેઈ જશે માટે જેમ જલદી થાય તેમ એને અહીંથી વીદાય કરવો જોઈએ એવું ધારી રાજા મારૂને વીદાય કરવા આવ્યાં મારૂએ પાછા ફરવાનું કહ્યું પણ વીસ ગાઉ સુધી રાજા સાથે ગયા. પછી મારૂને મુકીને રાજા પાછા ફરયા એટલે તરતજ મારૂએ પોતાના ઘોડાને ઉડાડી મુકયો તે ઝણુઝણુ કરતો એક ઘડીમાં ફુલાદેના મેહેલમાં આવી ઉભો રહયો. રાતે રાયારૂપ પાતે સુતાં સુતાં વિચાર કરેછે કે પાપ ગયું હવે ઠીક થયું; એવા વિચારમાં રાજા ઉંઘી ગયા એટલે સુપનાં આવવા લાગ્યાં તેથી રાજા ઝબકીને જાગી ઉઠયા અને મામીને કહ્યું કે મને આવાં સ્વપનાં આવે છે. સ્વપનાની વાત સાંભળીને મામીએ રાજાને કહ્યું કે--

દુહો--સમણાં પડો સુકે લાકડેરે, કાંઈ સમણાં સામુદ્ર પેટરે; કાંઈ૦ સમણાં સાચાં ન હોય રાજવીરે, કાંઈ સમણે વંઝાને પેટરે કાંઈ૦ સમણે નીરધન પામે ધનનેરે, કાંઈ વંઝાને પ્રસવે પૂત્રરે; કાંઈ૦ સમણે મુરખ વિદ્યા ભણેરે, કાંઈ સારુ પામે ઘર સુત્રરે. કાંઈ૦ સમણે ભુખ્યો ભોજન જમેરે, કાંઈ તણાય તેની ફુખરે; કાંઈ૦ જાગીને જુવે સવારમારે, તોએ પેટમાં ભુખની ભુખરે. તોએ૦

મામીએ સ્વપનાની વાત સાચી નથી એમ કહ્યું પણ રાયારૂપને ઊંઘ ન આવી તેથી તરત ઊઠીને ફુલાદેને મેહેલે ગયો અને છાનો માનો ભીતે થઈને ઉપર ચડવા માંડ્યું એટલે રાણીને ખબર પડી તેથી બોલી.

રાજા એકદમ ઉપર ચડી મેહેલમાં આવ્યો ત્યાં મારૂના જેવો માણસ દીઠો રાણીએ ધારયુ કે જો બંને ભેગા થ

શી તો માહા કેર વરતાશે તેથી રાજાનો હાથ ઝાલી ઝરૂખા માં લેઈ ગઈ અને કહ્યું કે—

દુહો બેહેનને મોહોલે શું આવીયારે, તમે જાઓને મા ડી જાયા વીરરે; તમે૦ રાયારૂપનો ચુડો ભાગીઆરે, ગજ રા મારૂનાં ઓઢયાં ચીરરે. ગજરા૦

અરે રાજા હું તો ગજરા મારૂની ધણીયાણી છુ અને તમે માહારા ભાઇ છો એથી રાજાને બહુ ગુસ્સો ચડયો અને રાંડને ઝાડે લટકાવી તીરબાજી કરવાનો નિશ્ચય કરી પોતે મામી પાસે આવીને બધી વાત કહી તે સાંભળી મા મીએ કહ્યું કે—

દુહો—માગીયું મુકીને ઓઢ ચુંદડીરે, કાંઈ લજાવ્યું કુળ કપૂતરે; કાંઈ૦ ભાલો ભાગીને ઘડાવ રેંટીઆરે, કાંઈ કાંતો ઝીણો સુતરે. કાંઈ૦ તેની વણાવ ઝીણી પામરીરે, જઈ મુકો મારૂજીને ભેટરે; જઈ૦ જેમ જનાવર પોતે પાળેછેરે, તેમ તાહારૂ ભરજે પેટરે. તેમ૦

મામીએ રાયારૂપને ઘણાં મેણાં મારયાં; પણ મારૂએ તઇયારી કરવા માંડી. સવાર થતાં રાણી અને દાસીને ઘોડા ઉપર બેસાડી રાયારૂપની કચેરીમાં લઈ ગયો. રાયારૂપે તેમને દીઠાં કે તરત પોતાના ઘોડેસ્વારોને પકડવાનો હુકમ કરયો એટલે મારૂએ ઘોડાને ઉરાડી મુકયો અને રાજા તથા તેમના સ્વારો મોં વકાશીને જોઇ રહ્યા. મારૂ ફુલાદે રાણીને પીયરમાં મુકીને પોતે ઊંડલકુંડલના મુલકમાં ગયો, અને ત્યાં માહાદેવની વાડીમાં ઉતારો કરયો. ત્યાંતો રાજાની કુંવરી સુઘડદેને મારૂની સાથે વરવું છે માટે રોજ માહાદેવની પૂજા કરેછે. એક દાહાડો કુંવરી માહાદેવની પૂજા કરવા વાડીમાં આવી ત્યાં મારૂજીને દીઠા એટલે તેનું રૂપ જોઇને સુઘડદે પૂછેછે.

દુહો—કીયારે મુલકથી આવ્યા સાહજારે, તમે કીયા મુ-

ભમાં જન્મીઆરે; તમે૦ કેઈ જનેતાને પેટ જનમીઆ, તમે કેમ ગોરીના નાથરે. તમે૦ સાચુ બોલોરે રાજ સતવતારે, કાંઈ કીયાં તમારાં ગામરે; કાંઈ૦ કુંવર છો! રાજ કોણ તણારે, વળી શું છે તમારૂ નામરે. વળી૦

તે સાંભળી મારૂએ કહ્યું કે—

દુહો—ઉતરખંડથી અમે આવીયારે, કાંઈ પશ્ચિમ અમારો ભાવરે; કાંઈ૦ આબામંડળના અમે રાજવીરે, રાણી મંજા ગોરીના નાથરે. રાણી૦ હું તો કુંવર મહારાજાનો રે, કાંઈ ઘર માંડવ માહારૂ ગામરે; કાંઈ૦ બાણુમાનાજીનો દીકરો રે, કાંઈ ગજરો મારૂ છે નામરે. કાંઈ૦

અમે ઉતરથી આવ્યા છીએ પશ્ચિમ તરફ જવું છે અને જે માહારા ઉપર મોહીત થઈ મને પુછે છે તેનો હું પુરૂષ છું રાણીના મનમાં આનંદ થયો અને કહ્યું કે મા-હારાજ હું તમને વરી ચુકી છું માટે સાંજરે માહારા મોહોલ પધારજો. એમ કહી સુખદે પોતાના મેહેલમાં પોતાની સખી હોળદે જે પ્રધાનની કુંવરી છે તે સાથે આવી અને રંગ મેહેલ શણગાર્યો.

દુહો—રંગ મેહેલનો નીંદર ઓરડોરે, કાંઈ ધોળો છે ઝાકઝમાળરે; કાંઈ૦ મેવા ફળ માંહી મુકીયારે, કાંઈ રાજવણની રીતરે. કાંઈ૦ રસોઈ બનાવી છે બત્રીસીરે, કાંઈ અદકી આંણી પ્રીતરે. કાંઈ૦ દુધ સાકર અર્તા ઉકાળીયાંરે, કાંઈ તેજના તઈયારરે; કાંઈ૦ મારૂ જોતાં પોત મોહી રહેરે કાંઈ રાજ માંચા શણગારરે. કાંઈ૦

રાણીએ પોતાનો મેહેલ ભભકાદાર કર્યો અને પોતાના પ્રાણુહારને સારૂ બત્રીસી રસોઈઓ પણ તઈયાર કરી પછી પોતે શણગાર પેહેરવા માંડ્યા.

દુહો—જરકસી કોરનો સુંદર સાળુડોરે, માંહી ઝાઝો કસુંબાનો રંગરે; માંહી૦ તેતો ઓડયો અલબેલીએરે; જેમાં

ભાસે ગોરૂ રક્ત અંગરે. તેમાં૦ વેણુ બાંધી શીશ સજી-
અતીરે. ફેણુ તણે મણી શીશ ફુલરે; ફેણુ૦ સેંથે સુંદર પુ
રયો શોભીતારે, મરગ મદની લાંબી આંત ચોરરે. મરગ૦
ભાલ સુંદર ગરાજતુરે, મદમાતીનું જોબન જોરરે; મધ્ય
ભ્રગુટી કમાન છબીલીરે, રતનાગાં લોચન રસ કુપરે. ર
તના૦ અતી અણીયાળાં ચપળ ઘણારે, છે કટાક્ષ કટાનું
રૂપરે; છે૦ નાસીકાની વાળી ઝુમે ઝુમખોરે, વેસર મુક-
તા છે જળસુ ફુલરે. વેસર૦ અરૂણ અધરે પર લાગક રે
જોતાં મુની ચળે તતકાળરે; જોતા૦ હાશ્ય કરે મદ મધુરરે,
કાંઈ દાડમ બીજથા દંતરે. કાંઈ૦ કુંદન રેખા દંતમાં દા
સતીરે, ચળકાટશુ ચોળે ચીતરે. ચળ૦ ઝુગલ મણી છે ઝ
ળકતારે, કરણ ફુલ પાન પીળીઆને ઝુમરે; કરણ૦ ચોટલે
ગોફણો ગોરીનો ઘમકતોરે, ઘણા ઘુઘરા કેરો ગુછરે. ઘણા૦
કોટી સુરજ વદને નાખીઆરે, સુંદર મુખડું મધુર છે ગા-
નારે; સુંદર૦ રંગ તંબોળ મુખ ચોળાશોરે, ઝગાનેણાનો
વાંકો મોડરે. મરગા૦ જરકશી બુટાની કાળી કંચુકરે, કશી
કશીને પેહેરી કોડરે; કશી૦ તુશા તનમનાઆં હેમની હાંસ-
ડીરે, માદળીઆં અઠાસીય ન માલરે. માદળી૦ પચકળી
ચંદનહાર ચોરસાનોરે, મુકતાફળ મળા વાંશાળરે. મુકતા૦
કંકણ સાહીત કનક કર ચુડલોરે, ગજગજ બાજોઠા છે સા
થરે; ગજ૦ વાંક વીંટી બાજુબંધ બેરખીરે, છંતા આરશી
રહી છે હાથરે. છતા૦ કુંવરી બની અનુપ અપછરારે, કાં
ઇ તેજ તણો નહીં પારરે; કાંઈ૦ ફુલ અતર બેહેકી રેહચ રે
એવી બની સુઘડદે નારરે. એવી૦

ઘણાં સરસમાં સરસ અને શોભીના શણગાર પેહેરીને રાણી સુઘડદે પોતાના માનીતા મારૂની વાટ જોતી ઝરૂખે બેઠી છે એટલામાં ગજરોમારૂ પોતાના રેવંતને માહાદેવ-ની વાડીમાંથી કુદાવીને રાણીના મેહેલમાં આવ્યો; રા-